અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ ડિસેમ્બર ૨૦૨૩, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક વદ બારસ | અંક : ૧૨૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## દેશમાં યુપીઆઈ ટ્રાન્ઝેક્શન વધારવા માટે આરબીઆઈના સતત પ્રયાસ


# હોસ્પિટલો-શૈક્ષણિક સંસ્થાઓમાં યુપીઆઈ ટ્રાન્ઝેક્શન મર્યાદા વધારીને ૫ લાખ રૂપિયા કરાઈ

### યુપીઆઈદ્વારા પ્રતિ ટ્રાન્ઝેક્શન ૧ લાખને બદલે ૫ લાખ રૂપિયા સુધી પેમેન્ટ કરી શકાશે : આ સંસ્થાઓમાં યુપીઆઈના ઉપયોગને પ્રોત્સાહન મળશે

। નવી દિલ્હી, તા.૮ ।

દેશમાં યુપીઆઈટ્રાન્ઝેક્શન વધારવા માટે આરબીઆઈ સતત પ્રયાસો કરતી રહે છે. આથી જ દર મહીને યુપીઆઈટ્રાન્ઝેક્શનની સંખ્યામાં વધારો થાય છે. આરબીઆઈએ ઑફલાઇન ટ્રાન્ઝેક્શન માટે યુપીઆઈમાં એઆઈના ઉપયોગને પ્રોત્સાહન આપ્યું છે. આરબીઆઈગવર્નર શક્તિકાંત દાસે શુક્રવારે મોનેટરી પોલિસીની બેઠકની જાહેરાતમાં કહ્યું કે રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવી રહ્યો નથી. તેમણે હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓમાં યુપીઆઈટ્રાન્ઝેક્શન મર્યાદા વધારીને ૫ લાખ રૂપિયા કરવાની પણ જાહેરાત કરી હતી.

આરબીઆઈના નવા નિર્ણય બાદ હવે યુપીઆઈની મદદથી હોસ્પિટલ અને શૈક્ષણિક સંસ્થાઓમાં વધુ પેમેન્ટ કરી શકાશે. નવી પોલિસી અનુસાર હવે આ જગ્યાઓ પર યુપીઆઈદ્વારા પ્રતિ ટ્રાન્ઝેક્શન રૂ. ૧ લાખને બદલે ૫ લાખ રૂપિયા સુધીનું પેમેન્ટ કરી શકાશે. આ નિર્ણયથી આ સંસ્થાઓમાં યુપીઆઈના




ઉપયોગને પ્રોત્સાહન મળશે. હોસ્પિટલના બિલ અને સ્કૂલ-કોલેજની ફી ભરવામાં પડતી અસુવિધા ઓછી થશે. ભારતીય રિઝર્વ બેંકે ફરી એકવાર રેપો રેટ સ્થિર રાખવાનો નિર્ણય લીધો છે. આજે ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે નાણાકીય સમીક્ષા બેઠકના પરિણામોની જાહેરાત કરી હતી. કેન્દ્રીય બેંકે ફરી એકવાર રેપો રેટ યથાવત રાખ્યો છે અને તેમાં કોઈ ફેરફાર કર્યો નથી. આરબીઆઈના નિર્ણય બાદ ફરી એકવાર વ્યાજ દર ૬.૫ ટકા પર યથાવત છે. લોકોને આશા હતી કે આ વખતે રિઝર્વ બેંક રેપો રેટમાં ઘટાડો કરીને સસ્તી લોનની ભેટ આપશે, પરંતુ એવું થયું નહીં. સસ્તી લોન માટે તમારે વધુ રાહ જોવી પડશે. શક્તિકાંત દાસે અનુમાન લગાવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪માં દેશમાં છૂટક મોંઘવારી દર માત્ર ૫.૪૦ ટકા રહેશે. ઓગસ્ટ ૨૦૨૩માં આરબીઆઈએ ફુગાવાના દરનો અંદાજ ઘટાડીને ૫.૪૦ ટકા કર્યો હતો. છેલ્લા કેટલાક સમયથી ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો થયો છે.

આ ઉપરાંત કાચા તેલની કિંમતોમાં પણ વધઘટ જોવા મળી રહી છે. આમ છતાં આરબીઆઈએ મોંઘવારી દરના અંદાજમાં વધારો કર્યો નથી. દાસે કહ્યું કે સપ્લાય ચેઈન જેવા ખાદ્ય મોંઘવારી વધવા પાછળ અન્ય ઘણા કારણો છે. ફુગાવા અંગે અંદાજ આપતાં સેન્ટ્રલ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં ફુગાવાનો દર ૫.૬ ટકા અને ચોથા ક્વાર્ટરમાં ૫.૨૦ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### કચ્છમાં ૩.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો

। કચ્છ, તા.૮ ।

ગુજરાતના કચ્છ જિલ્લામાંથી વહેલી સવારે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અહીં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. શુક્રવારે સવારે ગુજરાતના કચ્છમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, આ આંચકા સવારે લગભગ ૯:૦૦ વાગ્યે અનુભવાયા હતા. નેશનલ સિસ્મોલોજી સેન્ટરની માહિતી અનુસાર, આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૯ માપવામાં આવી હતી. જોકે, આ ભૂકંપ ના કારણે કોઈપણ પ્રકારના નુકસાનના અહેવાલો નથી.

### વંદે ભારત ટ્રેન પર ફરી એકવાર પથ્થરમારો, હર્ષ સંઘવી ટ્રેનમાં હતા



। રાજકોટ, તા.૮ ।

વંદે ભારત ટ્રેન પર ફરી એકવાર પથ્થરમારાની ઘટના સામે આવી છે. આ વખતે રાજકોટમાં આ ઘટના બની હતી. જોકે અહીં મહત્ત્વપૂર્ણ એ છે કે જ્યારે પથ્થરમારાની ઘટના બની ત્યારે ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ આ જ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. માહિતી અનુસાર રાજકોટના બિલેશ્વર સ્ટેશનની નજીકમાં જ આ પથ્થરમારાની ઘટના બની હતી. આ ઘટના રાતે બની હોવાની માહિતી છે. પથ્થરમારાને કારણે ટ્રેનમાં કાંચને નુકસાન થયું હતું.

### રશિયાના રાષ્ટ્રપતિએ ફરી એકવાર ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રશંસા કરી

। નવી દિલ્હી, તા.૮ ।


રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ફરી એકવાર ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રશંસા કરી છે. પીએમ મોદીના વખાણ કરતા તેમણે કહ્યું કે ભારતીય વડાપ્રધાન દેશના લોકોના હિતોની રક્ષા માટે કડક વલણ અપનાવે છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે પીએમ મોદીની નીતિ નવી દિલ્હી અને મોસ્કો વચ્ચેના ગાઢ સંબંધોની ગેરંટી છે. આ દરમિયાન પુતિને પીએમ વીશે કહ્યું હતુ કે મોદીને ડરાવવા ધમકાવવા મુશ્કેલ છે.

### સતત ચોથી વખત છે જ્યારે રિઝર્વ બેન્કે તેના પોલિસી રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી

## લોકોને ન મળી રાહત, RBIએ વ્યાજ દરોમાં ના કર્યો કોઇ ફેરફાર

। નવી દિલ્હી, તા.૮ ।

ભારતીય રિઝર્વ બેંકે આજે તેની નાણાકીય નીતિ જાહેર કરી છે અને રેપો રેટ અને અન્ય દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. RBI ગવર્નર શક્તિકાંત દાસે આ અંગેની જાહેરાત કરી હતી. એટલે કે તમારી લોનની EMI પર કોઈ રાહત મળશે નહીં કે તેમાં વધારો થશે નહીં કારણ કે RBIએ દરો પર યથાસ્થિતિ જાળવી રાખી છે. આરબીઆઈની મોનેટરી પોલિસીમાં રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, તેથી બેંકોને સમાન દરે લોન મળતી રહેશે. આ સતત ચોથી વખત છે જ્યારે રિઝર્વ બેંકે તેના પોલિસી રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. ત્રણ દિવસની મોનેટરી પોલિસી રિવ્યુ મીટિંગ બાદ RBI ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું હતું કે કમિટીએ ફરી એકવાર રેપો રેટમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય લીધો છે. રેપો રેટ હાલમાં




૬.૫ ટકા છે. જોકે, તેમણે કહ્યું કે હવે સેન્ટ્રલ બેંક તેના પર ચાંપતી નજર રાખશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ છેલ્લી ઘણી બેઠકોથી રેપો રેટને ૬.૫ ટકા પર સ્થિર રાખ્યો છે. નિષ્ણાતો નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ની પાંચમી બેઠકમાં પણ રેપો રેટ સ્થિર રાખવાની આગાહી કરી રહ્યા હતા. કેટલાક નિષ્ણાતો તો એવું પણ કહે છે કે સેન્ટ્રલ બેંક જૂન ૨૦૨૪ સુધી રેપો રેટમાં કોઈ ફેરફાર કરવા જઈ રહી નથી, કારણ કે RBIનો ટાર્ગેટ મોંઘવારી દરને ૪ ટકાથી નીચે લાવવાનો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં જેટલી પણ મોનિટરી પોલિસીની બેઠકો યોજાઈ છે તેમાં રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

### ત્રણ રાજ્યોના મુખ્યપ્રધાનનું કોકડું યથાવત

## ભાજપે ત્રણ રાજ્યો માટે નિરક્ષકો જાહેર કર્યા, રવિવાર સુધી સીએમનો નિર્ણય

। નવી દિલ્હી, તા.૮ ।

મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં વિધાનસભા ચૂંટણીમાં ભાજપના વિજય બાદથી આ રાજ્યોમાં મુખ્યમંત્રી પદ કોને સોંપાશે તે મુદ્દે ચર્ચા વિચારણાં ચાલી રહી છે. આ સૌની વચ્ચે ભાજપે આ ત્રણેય રાજ્યો માટે નિરીક્ષકોના નામની જાહેરાત કરી દીધી છે. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, વિનોદ તાવડે અને સરોજ પાંડેને રાજસ્થાનના નિરીક્ષક (ભાજપના નિરક્ષકો) બનાવાયા છે. જ્યારે હરિયાણાના સીએમ મનોહર લાલ ખટ્ટર, કે.લક્ષ્મણ, આશા લકડાને મધ્યપ્રદેશની જવાબદારી સોંપવામાં આવી હતી. જ્યારે છત્તીસગઢ માટે અર્જુન મુંડા, સર્બાનંદ સોનોવાલ અને દુષ્યંત ગૌતમને નિરીક્ષક બનાવાયા છે. આ નિરીક્ષકો ધારાસભ્ય દળ સાથે બેઠક કરશે અને તેમાં તેમનો અભિપ્રાય મેળવશે. ભાજપના ટોચના નેતૃત્વની મંજૂરી બાદ રવિવાર સુધી સીએમના નામની જાહેરાત કરવામાં આવી શકે છે.

### યુપીમાં ૧૧૫ વર્ષ જૂનો કાયદો બદલાશે

## રજિસ્ટ્રી દસ્તાવેજોમાંથી ઉર્દૂ-ફારસી શબ્દો હટાવવા નિર્ણય

। લખનઉ, તા.૮ ।

ઉત્તરપ્રદેશમાં (યુપી) યોગી સરકારે રજિસ્ટ્રી દસ્તાવેજોમાંથી ઉર્દૂ-ફારસી શબ્દોને હટાવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ ઉપરાંત હવે સબ રજિસ્ટ્રારે ઉર્દૂની પરીક્ષા નહીં આપવી પડે. અત્યાર સુધી પબ્લિક સર્વિસ કમિશન દ્વારા પસંદગી પામ્યા બાદ પણ સબ રજિસ્ટ્રારે કાયમી નોકરી માટે આ પરીક્ષા પાસ કરવાની ફરજ પડતી હતી. તેનું કારણ સત્તાવાર દસ્તાવેજોમાં ઉર્દૂ અનેફારસી શબ્દોનો વધુ પ્રયોગ થતો હતો. માહિતી અનુસાર યોગી સરકારે હવે આ શબ્દોની જગ્યાએ સામાન્ય હિન્દી શબ્દો વાપરવાનો નિર્ણય લીધો છે.

### મહુઆ મોઈત્રા વિરુદ્ધના રિપોર્ટે તેમની મુશ્કેલી વધારી


## લોકસભામાંથી મહુઆ મોઈત્રાને આખરે બરતરફ કરવામાં આવ્યા

### મેં અદાણીનો મુદ્દો ઊઠાવ્યો એટલા માટે જ મારું સાંસદ પદ છીનવી લેવામાં આવ્યું છે : મહુઆ મોઈત્રા

। નવી દિલ્હી, તા.૮ ।

મહુઆ મોઈત્રા વિરુદ્ધ રજૂ કરાયેલા રિપોર્ટે તેમની મુશ્કેલી વધારી દીધી છે. આ મામલે મહુઆ મોઈત્રા વિરુદ્ધ ગૃહમાં પ્રસ્તાવ પાસ થઈ ગયો છે. લોકસભામાં એથિક્સ કમિટીના રિપોર્ટની તરફેણમાં આ પ્રસ્તાવ પાસ થતાં મહુઆ મોઈત્રાને બરતરફ કરી દેવામાં આવ્યા છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે હવે મહુઆ મોઈત્રાનું સાંસદ પદે જળવાઈ રહેવું યોગ્ય નથી. તેમનું આચરણ અનૈતિક હતું.

ઉલ્લેખનિય છે કે, ભાજપસાંસદ નિશિકાંત દુબેએ મહુઆ મોઈત્રા વિરુદ્ધ ઓક્ટોબરમાં લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખ્યો હતો, જેમાં દુબેએ ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રા પર સંસદમાં પ્રશ્ન પુછવા એક ઉદ્યોગપતિ પાસે લાંચ લીધી હોવાનો આરોપ લગાવ્યો હતો. આ મામલો સામે આવ્યા બાદ મોઈત્રાએ આરોપોને રદીયો આપ્યો હતો અને તેમના પર લાગેલા આરોપોની તપાસ કરવા સમિતિ રચવા લોકસભા અધ્યક્ષને વિનંતી કરી. ઉલ્લેખનીય છે કે મહુઆ મોઈત્રા પર



બિઝનેસમેન દર્શન હીરાનંદાણી પાસેથી પૈસા લઈને અદાણી અંગે લોકસભામાં સવાલો પૂછવાનો આરોપ લગાડવામાં આવ્યો હતો. આ મામલે તેમના પર બિઝનેસમેન પાસેથી પૈસા અને ગિફ્ટ્સ પણ લેવાના આરોપ લાગ્યા હતા. ત્યારબાદ ભાજપના સાંસદના આરોપો બાદ મહુઆએ એ વાત પણ સ્વીકારી હતી કે તેમણે બિઝનેસમેનને તેમના સંસદના લોગઈન અને પાસવર્ડ આપ્યા હતા.

મહુઆ મોઈત્રાનું સાંસદ તરીકેનું પદ છીનવાઈ ગયું છે. તેઓ તૃણમૂલ કોંગ્રેસ પાર્ટી વતી સાંસદ હતા. એથિક્સ કમિટી દ્વારા પૈસા લઈને સંસદમાં સવાલો પૂછવાના કેસમાં તેમની સામે રિપોર્ટ રજૂ કરાયો હતો. આ રિપોર્ટ લોકસભામાં રજૂ કરવામાં આવતાં ભારે હોબાળો થયો હતો.

### મ.પ્ર.થી ચૂંટણીમાં વિજય બાદ નરેન્દ્રસિંહ તોમરનું રાજીનામું

## અર્જુન મુંડાને કૃષિ-ખેડૂત કલ્યાણ મંત્રાલયનો વધારાનો હવાલો

। નવી દિલ્હી, તા.૮ ।

મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણી લડ્યા બાદ કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કૃષિ મંત્રાલયમાં પોતાનું પદ છોડી દીધું છે. તેમણે આ પદ પરથી રાજીનામું આપ્યું હતું, જેને રાષ્ટ્રપતિએ સ્વીકારી લીધું છે અને હવે કેબિનેટ મંત્રી અર્જુન મુંડાને કૃષિ મંત્રાલય અને ખેડૂત કલ્યાણ મંત્રાલયનો વધારાનો હવાલો આપ્યો છે. અર્જુન મુંડા પહેલેથી જ આદિજાતિ બાબતોના મંત્રી છે જેને હવે નરેન્દ્ર સિંહ તોમરના સ્થાને કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડાને કૃષિ મંત્રાલયનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN CHANNEL NINE NETWORK GUJARAT Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



### અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના

# ચાંદખેડા વોર્ડ ખાતે આયોજિત વિકસિત ભારત કાર્યક્રમમાં વિકસિત ભારત રથનું પ્રસ્થાન કરાવતા અલ્પેશ ઠાકોર

## લાભાર્થીઓને લાભ આપવા માટે વિકસિત ભારત રથ આવી પહોંચ્યો ચાંદખેડા વોર્ડ ખાતે

| અમદાવાદ, તા.૮ |

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચાંદખેડા વોર્ડ ખાતે વિકસિત ભારત સંકલ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્ય શ્રી અલ્પેશભાઈ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. દેશના ઘર ઘર સુધી સરકારી યોજનાના લાભ પહોંચાડવાના ઉદ્દેશથી સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અન્વયે ચાંદખેડા વોર્ડ ખાતે ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોરના હસ્તે કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ મળવાપાત્ર તમામ લાભાર્થીઓ સુધી પહોંચે, સરકારની તમામ યોજનાની જાણકારી આમ નાગરિકો સુધી પહોંચે અને જરૂરિયાતમંદ તમામ લાભાર્થીઓને તેમના ઘરઆંગણે લાભાન્વિત કરી શકાય એવા તેવા હેતુથી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતું. આ



'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો રથ ચાંદખેડા તથા આસપાસના વિસ્તારોમાં સરકારની વિવિધ યોજનાના લાભ પહોંચાડશે. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અલ્પેશભાઈ ઠાકોરે કહ્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાના આયોજનનો મુખ્ય ઉદ્દેશ છેવાડાના માનવી કે જે વિવિધ યોજનાઓનો લાભ લેવા પાત્ર છે પરંતુ લાભ મળ્યો નથી તેમના સુધી પહોંચવાનો છે. ઉપરાંત યોજનાઓની માહિતીનો પ્રચાર-પ્રસાર કરી નાગરિકોમાં જાગૃતિ લાવવા, સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કરી તેમના અનુભવ જાણવા તેમજ યાત્રા દરમિયાન નિશ્ચિત વિગતો દ્વારા સંભવિત લાભાર્થીઓની નોંધણી કરાવી તેમને પણ સરકારી યોજનાઓનો લાભ અપાવી ૧૦૦ ટકા લક્ષ્ય હાંસલ કરવાનો છે. અલ્પેશ ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વમાં છેલ્લા નવ વર્ષમાં જે પણ કંઈ વિકાસ થયો છે, જે પણ કંઈ પ્રગતિ થઈ છે, તે આપણે સૌ જોઈ રહ્યા છીએ. પહેલા યોજનાઓ માત્ર કાગળ પર જ બનતી હતી પરંતુ હવે આ પ્રકારની યાત્રાઓ થકી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની ગેરંટી છે.

## અમદાવાદના ૨૯૦ જેટલા બગીચાઓના રખરખાવ માટે QR કોડ લગાવાશે

| અમદાવાદ, તા.૮ |

અમદાવાદના ૨૯૦ જેટલા બગીચાઓના રખરખાવ માટે AMC દ્વારા એક નવો અભગમ શરૂ કરવામાં આવ્યો છે. વાત જાણે એમ છે કે, હવે થી અમદાવાદ શહેરના બગીચામાં અવ્યવસ્થા અંગે નાગરિકો QR કોડથી સીધી AMC ફરિયાદ કરી શકશે. જેને લઈ હાલમાં મણિનગર વિસ્તારના ૨ ગાર્ડનમાં QR કોડ સાથે યોજનાની શરૂઆત થઈ છે. જે બાદમાં આગામી સમયમાં અમદાવાદના ૨૯૦ જેટલા ગાર્ડનમાં QR કોડ લાગશે. અમદાવાદના ૨૯૦ જેટલા બગીચાઓના રખરખાવ માટે QR કોડ લગાવાશે. જેથી હવે બગીચામાં અવ્યવસ્થા અંગે નાગરિકો QR કોડથી સીધી ફરિયાદ કરી શકશે. આ સાથે વ્યવસ્થા, સુવિધા, સ્વચ્છતા અને સલામતીને લઈ નાગરિકો ફરિયાદ કરી શકશે. જે માટે ઊઈ કોડ સ્કેન કરીને સીધી ફરિયાદ AMCને દાખલ કરી શકાશે. મહત્વની છે કે, હાલ તો મણિનગર વિસ્તારના ૨ ગાર્ડનમાં QR કોડ સાથે યોજનાની શરૂઆત થઈ છે.

### લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસની તૈયારી શરૂ

# પ્રદેશ કોંગ્રેસે અમદાવાદ સહિત ૧૦ જિલ્લાના પ્રમુખની નિમણૂક કરી

## અમદાવાદના જિલ્લા પ્રમુખ તરીકે હિંમતસિંહ પટેલ, રાજકોટ જિલ્લા પ્રમુખ તરીકે લલિત વસોયાની વરણી

| અમદાવાદ, તા.૮ |



આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે ગુજરાત કોંગ્રેસે તૈયારી શરુ કરી દીધી છે અને આજે રાજ્યમાં અમદાવાદ સહિત ૧૦ જિલ્લાઓના પ્રમુખોની નિમણૂક કરી છે. હજુ ત્રણ ડિસેમ્બરે ચાર રાજ્યોની વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થયા છે જેમાં ત્રણ રાજ્યોમાં કોંગ્રેસનો સફાયો થયો છે જ્યારે તેલંગાણામાં પ્રથમ વખથ કોંગ્રેસે કબજો મેળવ્યો છે ત્યારે હવે દેશની સૌથી જૂની પાર્ટીની નજર આગામી લોકસભાની ચૂંટણી પર હોય તે માટે ગુજરાત રાજ્યના સંગઠનમાં મોટા ફેરફાર કરતા ૧૦ જિલ્લાઓના પ્રમુખોની નિમણૂક કરી છે જેમાં અમદાવાદના જિલ્લા પ્રમુખ તરીકે હિંમતસિંહ પટેલ, રાજકોટ જિલ્લા પ્રમુખ તરીકે લલિત વસોયા, અમરેલી જિલ્લા પ્રમુખ તરીકે પ્રતાપ દુધાત, જુનાગઢ શહેર પ્રમુખ તરીકે ભરત અમિપરા, પંચમહાલ જિલ્લામાં પ્રમુખ તરીકે ચેતનસિંહ પરમાર, ખેડા જિલ્લા પ્રમુખ તરીકે ચંદ્રશેખર ડાભી, આણંદ જિલ્લા પ્રમુખ તરીકે વિનુભાઈ સોલંકી, વડોદરા જિલ્લા પ્રમુખ તરીકે જશપાલસિંહ પઢીયાર, નર્મદા જિલ્લા પ્રમુખ તરીકે પ્રફુલ પટેલ અને ડાંગ જિલ્લા પ્રમુખ તરીકે મુકેશ પટેલની નિમણૂક કરવામાં આવી છે.

આજે કોંગ્રેસ દ્વારા ગુજરાતના ૧૦ જિલ્લાઓના પ્રમુખોની નિમણૂકની જાહેરાત કર્યા બાદ આગામી લોકસભા માટે પોલિટિકલ અફેર કમિટીની પણ જાહેરાત કરી છે જેમાં ૧૭ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કોંગ્રેસે આગામી લોકસભાની ચૂંટણી માટે ૪૦ સભ્યોની ગુજરાત પ્રદેશ ઈલેક્શન કમિટીની પણ જાહેરાત કરી છે જેમાં અગ્રણી નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઈલેક્શન કમિટિનિ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલની આગેવાની હેઠળ રચના કરવામાં આવી છે જેમાં સ્ન્છ અને પૂર્વ સ્ન્છ સાથે પૂર્વ પ્રમુખો અને વરિષ્ઠ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી, અર્જુન મોઢવાડિયા, જગદીશ ઠાકોર, સિદ્ધાર્થ પટેલ સહિતના નેતાઓને પણ ઈલેક્શન કમિટિમાં નિમણૂક કરવામાં આવી છે.

## ગોધરામાંથી પાકિસ્તાનના સતત સંપર્કમાં રહેનારા ૪ લોકોની અટકાયત કરાઇ

| પંચમહાલ,તા.૮ |

પંચમહાલ જિલ્લાના ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં ગુજરાત ATSએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતુ. ગોધરા LCB અન SOG ટીમને સાથે રાખીને ATSએ આ સર્ચ ઓપરેશન કર્યુ હતું. આ સર્ચ ઓપરેશન દરમિયાન ATSએ એક દંપતી સહિત ૪ શંકાસ્પદ લોકોની અટકાયત કરી છે અને તેમને અમદાવાદ લાવવામાં આવ્યા છે. અમદાવાદ લાવ્યા બાદ આ તમામની કડક પૂછપરછ શરુ કરાઈ છે. પાકિસ્તાન અને ISIS કનેક્શન સંદર્ભે ગુજરાત ATSએ ઓપરેશન હાથ ધર્યુ છે, ત્યારે રાઉન્ડ અપ કરાયેલા ૪ વ્યક્તિઓની અમદાવાદ ATS ખાતે પૂછપરછ કરવામાં આવી રહી છે. શકમંદોના બેક્ર તેમજ સોશિયલ મીડિયા અકાઉન્ટની તપાસ કરાઈ રહી છે. પાસપોર્ટની વિગતો અંગે પણ ચકાસણી કરાઈ રહી છે. કેન્દ્રીય એજન્સી તરફથી મળેલા ઈનપુટના આધારે ગુજરાત ATSએ આજે વહેલી સવારે ગોધરા પોલીસને સાથે રાખીને ગોધરા શહેરના જુદા જુદા વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ.

### સુરતમાં વ્યાજખોરોનો આતંક

# ૧૧.૨૫ લાખ ન આપે તો ઘરે કોલગર્લ મોકલવાની હીરા વેપારીને ધમકી

## જેમ જેમ આર્થિક વ્યવહારમાં ડિજીટલનું ચલણ વધી રહ્યું છે તેમ તેમ છેતરપિંડીના કેસમાં વણ વધારો થઈ રહ્યો છે

| સુરત, તા.૮ |

સરકારના કડક કાયદા છતાં રાજ્યમાં વ્યાજખોરોનો ત્રાસ સતત વધી રહ્યો છે. વ્યાજખોરોના ત્રાસ વધુ એકવાર અનહોની ઘટના સામે આવી છે. સુરતમાં સિંગણ પોર વિસ્તારમાં આ ઘટના બની છે. અહીં વ્યાજખોરોએ એક હીરા વેપારી સાથે વ્યાજની પઠાણી ઉઘરાણી કરતાં જોવા મળ્યા છે. વ્યાજખોરોએ હીરાને વેપારીને ધમકી આપી હતી કે જો વ્યાજના ૧૧.૨૫ લાખ રૂપિયા નહીં આપે તો ઘરે કોલગર્લ મૂકી જશે. વૃદ્ધાએ કાનની બુટ્ટી કાઢી આપવાનો ઈનકાર કરતા વ્યાજખોરોએ કિડની વેચી નાણાં આપવાનું કહ્યું. ૧૦ લાખની મુદ્દલ સામે વ્યાજની ઉઘરાણી કરી મધરાત્રે દરવાજાનાં કાચ તોડી આતંક મચાવ્યો હતો. આ મામલે સિંગણપોર પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. જેમ જેમ આર્થિક વ્યવહારમાં ડિજીટલનું ચલણ વધી રહ્યું છે તેમ તેમ છેતરપિંડીના કેસમાં વણ વધારો થઈ રહ્યો છે. સુરતમાં કડોદરાના લાકડાના વેપારી સાથે આ રીતે જ કોઈએ લાખોની છેતર પિંડી કરી છે. વેપારી પાસે ઓનલાઈન એપ ડાઉનલોડ કરાવી આ છેતરપિંડી કરવામાં આવી છે. કડોદરાના લાકડાના વેપારીએ માણેકપોરનાં વેપારીને પૈસા ટ્રાન્સફર કર્યા હતાં. જોકે પૈસા ટ્રાન્સફર ન થતાં કસ્ટમર કેરમાં ફોન કર્યો હતો. કસ્ટમર કેરમાં ફેક નંબર પર કોલ લાગી જતા ચીટરે ખેલ પાડી દીધો હતો. પૈસા પરત આવી જશેની બાંહેધરી આપીને એનિડેસ્ક નામની એપ ડાઉનલોડ કરાવી હતી. આ એપની મદદથી ચીટરે વેપારીના ખાતામાંથી ૧૪.૯૩ લાખ ટ્રાન્સફર કરી લીધા હતા. આ મામલે કડોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. આજના સમયમાં લગભગ દરેક કામ કરવાની રીત બદલાઈ ગઈ છે. પહેલા કરતાં હવે વસ્તુઓ કરવાનું સરળ લાગે છે. લગભગ દરેક ક્ષેત્રમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. જેમ કે- બેંકિંગ ક્ષેત્ર. અહીં પણ ઘણું બદલાઈ ગયું છે.

### મોરબીમાં યુવકના અપહરણનો ભેદ ઉકેલાયો

# યુવકનું અપહરણ કરાયાના થોડા કલાકોમાં પોલીસે આરોપીઓને ઝડપી લીધા હતા

## ધરપકડ કરાયેલા આરોપીઓમાં પરિણીતાના પતિ, સસરા, દિયર સહિતનાઓનો સમાવેશ થાય છે, હજુ આ બનાવમાં બે આરોપીઓને પકડવાના બાકી છે

| મોરબી, તા.૮ |

મોરબીમાં એક યુવકનું અપહરણ કરાયાના થોડા કલાકોમાં પોલીસે આરોપીઓને ઝડપી લીધા હતા. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓને ઝડપી જેલમાં ધકેલી દીધા હતા. મળતી જાણકારી અનુસાર, મોરબીના રવાપર ગામે રાજકોટની પરિણીતા સાથે લિન ઈનમાં રહેતા યુવકનું અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણની જાણ થતા પરિણીતાએ મોરબી એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પણ બનાવની ગંભીરતાને લઈ તાત્કાલિક શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન આરોપીઓનું લોકેશન ટ્રેસ કરતા અપહરણકારો જસદણ તરફ ભાગ્યા હોવાની જાણ થતા પોલીસે પીછો કર્યો હતો. દરમિયાન જસદણના ભડલી નજીક ભૂપતભાઈ આલની વાડીએ અપહરણકારોએ તેને બાંધી રાખ્યો હતો. પોલીસે અપહરણકારોની ચુંગાલમાંથી મુક્ત કરી સાત અપહરણકારોની ધરપ



કડ કરી હતી. ધરપકડ કરાયેલા આરોપીઓમાં પરિણીતાના પતિ, સસરા, દિયર સહિતનાઓનો સમાવેશ થાય છે. હજુ આ બનાવમાં બે આરોપીઓને પકડવાના બાકી છે. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ હામાભાઈ કરમટા, ભૂપત આલ, લાલજી ખાંભલા, ભરત કરોતરા, શક્તિસિંહ વાળા, સંજય મિથાપરા અને અશોક ઘરજીયા તરીકે થઈ હતી. જ્યારે પરિણીતાનો પતિ હરેશ કરમટા અને માત્રાભાઈ કરમટા હજુ ફરાર છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે વર્ષાબેન કરમટાએ બે માસ પૂર્વે રમેશ નાગહ સાથે મૈત્રી કરાર કર્યા હતા અને બંને મોરબીના રવાપર ગામે ભાડે મકાન રાખી રહેતા હતાં. પોલીસ ફરિયાદ મુજબ મોરબીના રવાપર ગામે ઉમિયા સોસાયટીમાં રાજકોટની પરિણીતા વર્ષાબેન હરેશભાઈ કરમટા સાથે છેલ્લા બે માસથી ભાડાના મકાનમાં રહેતા રમેશભાઈ ખોડાભાઈ નાગહનું વર્ષાબેનના પતિ, સસરા અને દિયર સહિતના શખ્સોએ ઈકો ગાડીમાં અપહરણ કરી નાસી જતા વર્ષાબેને સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ટીમે જસદણ તાલુકાના ભડલી ગામની સીમમાં આવેલ ભુપ તભાઈ ઘુઘાભાઈ આલની વાડીએ છાપો મારી રમેશભાઈ ખોડાભાઈ નાગહને વાડીની ઓરડીમાંથી મુક્ત કરાવ્યા હતા.

## રાજકોટમાં લગ્નનાં ફુલેકામાં રૂપિયાનો વરસાદ

| રાજકોટ, તા.૮ |

રાજકોટના રાજમાર્ગો પર ઘનશ્યામભાઈના પુત્રનું રજવાડી ફુલેકુ નીકળ્યું હતું. પરંપરાગત વસ્ત્રો અને શસ્ત્રોનો પણ શણગાર જોવા મળ્યો હતો. રાજકોટમા આહીર સમાજના અગ્રણી ઘનશ્યામભાઈ હેરભા ના સુપુત્રના ઝાઝરમાન લગ્ન જોવા મળ્યા હતા. રાજકોટના રાજમાર્ગો પરથી રજવાડી ફુલેકું નીકળ્યું હતું. ફુલેકામાં કાઠીયાવાડી પરંપરાગત સંસ્કૃતિની ઝાંખી જોવા મળી હતી. આહીર સમાજના ઝાઝરમાંન લગ્નમાં મહિલાઓનાં પરંપરાગત વસ્ત્રની સાથે શસ્ત્રોનો પણ શણગાર પણ જોવા મળ્યો હતો. આહીર સમાજની મહિલાઓએ લગ્ન સમારંભમાં કમરે રિવોલ્વર ટીંગાડી હતી. મહિલાઓ અને પુરુષો પરંપ રાગત પહેરવેશમાં અંદાજીત ૨૦૦ કિલો ઘરેણાં સાથે રાસ રમ્યા હતા. આહીર સમાજની મહિલાઓએ પરંપરાગત વસ્ત્રોમાં રાસ લીધા હતા. ફૂલેકમાં બોમ્બેથી ૧૫૦થી વધુ ઢોલ, નગારા સાથે ધોડા અને બગીઓ સાથે રજવાડી ફુલેકું નીકળ્યું હતું. ઘનશ્યામભાઈ મેરામભાઈ હેરભાનાં સુપુત્ર સત્યજીતનાં ફુલેકામાં લાખો રૂપિયા ઢોલી પર ઉડયા હતા. સૌરાષ્ટ્ર ભરમાથી આહિર સમાજના અગ્રણીઓ અને અન્ય સમાજના આગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

### વિશેષ

### લાભાર્થીઓ સાથે વનમંત્રીએ સંવાદ સાંધી યોજનાઓનો લાભ લેવા પ્રેરિત કર્યા

# વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઓલપાડ તાલુકાના અસનાડ ખાતે આવી પહોંચેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું ભવ્ય સ્વાગત

## ટેકનોલોજીના માધ્યમથી દરેક યોજનાનો લાભ ડાયરેક્ટર બેનિફિટ ટ્રાન્સફર મારફતે લાભાર્થીઓને મળી રહ્યો છે : મંત્રી મુકેશભાઇ પટેલ

કેન્દ્ર અને રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોંચે તેવા આશયથી સુરતના ઓલપાડ તાલુકાના અસનાડ ગામની પ્રાથમિક શાળા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચ્યો હતો. વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ તેમજ ગ્રામજનોએ સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. મંત્રીશ્રીના હસ્તે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું હતું. લાભાર્થીઓ સાથે મંત્રીશ્રીએ સંવાદ સાંધી યોજનાઓનો લાભ લેવા પ્રેરિત કર્યા હતા.





આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથ થકી જરૂરિયાતમંદ લોકોને વિવિધ યોજનાકીય લાભોથી લાભાન્વિત કરાઈ રહ્યા છે. ગામથી લઈ દેશના વિકાસ માટે આપણે સહિયારૂ યોગદાન આપીએ એવો મત તેમણે વ્યક્ત કરી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો શુભાશય જણાવ્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું કે, ગંગાસ્વરૂપા બહેનોને દર મહિને રૂ.૧,૨૫૦ ની નાણાકીય સહાય આપી તેઓને આર્થિક ટેકો આપ્યો છે. સમાજનું આર્થિક સશક્તિકરણ એ મહિલા સશક્તિકરણને પણ ગતિ આપે છે. ટેકનોલોજીના માધ્યમથી દરેક યોજનાનો લાભ ડાયરેક્ટર બેનિફિટ ટ્રાન્સફર મારફતે લાભાર્થીઓને મળી રહ્યો છે. આ કાર્યક્રમમાં વિવિધ શાખાના અધિકારીઓએ પોષણ અભિયાન, પી.એમ કિસાન સન્માન નિધિ, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ, જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, પશુપાલન માટેની યોજનાઓ જેવી વિવિધ વિભાગોની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી આપીને તેનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. મંત્રીશ્રી સાથે સંવાદ દરમિયાન પોષણ અભિયાન, પી.એમ. જે.વાય, સખીમંડળ, ખેતીવાડી વિભાગ, આરોગ્ય વિભાગના લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા. આ પ્રસંગે તા.પંચાયત પ્રમુખ ગીતાબેન પટેલ, ઉપપ્રમુખ કિરણભાઈ, સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ લાલુભાઈ પાઠક, કારોબારી અધ્યક્ષ જયેશભાઈ પટેલ, તા.વિકાસ અધિકારી હાર્દિકભાઈ પરમાર, ડે.સરપંચ ચેતનભાઈ કંથારિયા, અગ્રણી બ્રિજેશભાઈ પટેલ, તા.હેલ્થ ઓફિસર, આંગણવાડી કાર્યકરો, આરોગ્ય સ્ટાફ, પ્રા.શાળાના શિક્ષકો અને અન્ય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ સહિત ગ્રામજનો, લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

### તેલંગણાના પૂર્વ મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર લપસી પડતાં હોસ્પિટલમાં દાખલ



। હૈદ્રાબાદ, તા.૮ ।

તેલંગાણાના પૂર્વ મુખ્યમંત્રીને એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગઈકાલે રાત્રે તેઓ લપસીને પડી ગયા હતા જેના પગલે તેમને પીઠમાં ગંભીર ઈજા પહોંચી હતી. તેલંગાણાના પૂર્વ મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર (કેસીઆર) ગઈકાલે લપસીને પડી ગયા હોવાથી હૈદરાબાદની યશોદા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમને પીઠમાં ગંભીર ઈજા પહોંચી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેને સર્જરીની જરૂર પડી શકે છે. તેલંગાણામાં વિધાનસભા ચૂંટણીના પરિણામો ૩ ડિસેમ્બરે જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં કેસીઆરની પાર્ટી ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ)ને મોટો ફટકો પડ્યો હતો અને પક્ષ સત્તાથી બહાર થઈ ગયો હતો. તેલંગાણામાં કોંગ્રેસને જંગી બહુમતી મળી છે.

### ભાજપે મણિપુરમાં ૩૦ વર્ષથી લાગુ દારૂબંધી ઊઠાવી લીધી



। ઈમ્ફાલ, તા.૮ ।

દારૂબંધી એક અતિ સંવેદનશીલ મુદ્દો ગણાય છે. આ મુદ્દે કોઈ પણ સરકાર ગમે તેવો નિર્ણય કરતાં પહેલાં અનેકવાર વિચારે છે. ટેક્સની દૃષ્ટિએ આ સરકાર માટે કમાણીનો મોટો સોર્સ હોય છે. જ્યારે લોકો માટે આ ભાવનાત્મક મુદ્દો છે. એટલે જ બિહારમાં નીતીશ કુમારે મહિલાઓની માગ પર દારૂબંધીની જાહેરાત કરી હતી. આ મુદ્દે હવે રાજકારણ જ રમાય છે. જોકે આ સૌની વચ્ચે મણિપુર એક એવું રાજ્ય છે જ્યાં દારૂબંધીનો કાયદો ખતમ કરી દેવાયો છે. તેના બાદ બિહારમાં પણ ફરી એવી માગ થવા લાગી છે. મણિપુરમાં ભાજપની સરકારે ૩૦ વર્ષથી વધુ સમયથી અમલી દારૂ પરનો પ્રતિબંધ ઊઠાવી લેવાનો નિર્ણય કર્યો છે. કેબિનેટે રાજ્યની મહેસૂલી આવક વધારવા અને ઝેરીલા દારૂની સપ્લાય રોકવા માટે લીકર પોલિસીમાં ફેરબદલ કર્યા છે. મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેન સિંહના નેતૃત્વ હેઠળની કેબિનેટે રાજ્યમાં ૩૦ વર્ષથી વધુ સમયગાળાના પ્રતિબંધ બાદ દારૂના ઉત્પાદન, કબજા, નિકાસ, આયાત, પરિવહન, ખરીદી, વેચાણ અનેવપરાશને મંજૂરી આપી દીધી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૨માં દારૂબંધી પર લગાવેલો પ્રતિબંધ અહીંની સરકારે આંશિકરૂપે ઊઠાવ્યો હતો.

#### વન-ડે વર્લ્ડ કપની ફાઈનલને ૧૯ દિવસ બાદ પણ ચર્ચા

## વર્લ્ડ કપ ફાઈનલ માટેની અમદાવાદની પીચને આઈસીસીનું સરેરાશ રેટિંગ

। નવી દિલ્હી, તા.૮ ।

ભારતીય ટીમને વર્લ્ડ કપ ૨૦૨૩ની ફાઈનલ ગુમાયે લગભગ ૧૯ દિવસ થઈ ચૂક્યા છે. હવે મોટો રિપોર્ટ સામે આવ્યો છે, જેમાં જણાવાયુ છે કે ટીમ ઈન્ડિયાએ જે પિચ પર ઓસ્ટ્રેલિયા સામે ફાઈનલ રમી હતી, તેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આસીસી) સરેરાશની રેટિંગ આપી છે, તેના પહેલા રિપોર્ટમાં જણાવાયુ હતુ કે હેડ કોચ રાહુલ દ્રવિડે પણ પિચને જ ભારતની હારનું કારણ ગણાવ્યુ હતું.



રિપોર્ટ અનુસાર આઈસીસીએ વર્લ્ડ કપની પાંચ મેચની પિચને સરેરાશ રેટિંગ આપ્યુ છે. જેમાં ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે ફાઈનલ મેચ પણ સામેલ છે. ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ હતી, જેમાં રોહિત શર્માની કેપ્ટનશિપ હેઠળ ટીમ ઈન્ડિયા પહેલી બેટિંગ કરીને ૫૦ ઓવરમાં ૨૪૦ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી અને ઓસ્ટ્રેલિયાએ ૪૩ ઓવરમાં જીત પોતાના નામે કરી લીધી હતી. હેડ કોચ રાહુલ દ્રવિડે પણ બીસીસીઆઈ રિવ્યૂ મીટિંગમાં પિચને ફાઈનલ મેચ ગુમાવવા માટે જવાબદાર ગણાવી હતી. રિપોર્ટ અનુસાર હેડ કોચે કહ્યુ હતુ કે અમને આશા અનુસાર ટર્ન ન મળવાના કારણે અમે હારી ગયા.

જો સ્પિનર્સને ટર્ન મળત તો અમે જીતી જાત. અમે પહેલી ૧૦ મેચ આ રણનીતિથી જીતી, પરંતુ ફાઈનલમાં આ કામ આવી નહીં.

આઈસીસીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમની પિચને સરેરાશ રેટિંગ આપીને એ વાત પર મોહર લગાવી દીધી છે કે પિચ સારી તો નહોતી. હવે તમારા મનમાં સવાલ ઉઠી રહ્યો હશે તો ઓસ્ટ્રેલિયાએ કેવી રીતે આ પિચ પર કમાલ કરી. આ પ્રશ્ન થવો સ્વાભાવિક પણ છે.

#### પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષાથી દેશમાં ઠંડી વધી

## નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, મેઘાલય, આસામમાં વરસાદની શક્યતા

### દિલ્હીમાં સવારના સમયે ધુમ્મસવાળું વાતાવરણ રહેશે

। નવી દિલ્હી, તા.૮ ।

પર્વતીય વિસ્તારોમાં થઈ રહેલ હિમવર્ષાને કારણે ઉત્તર ભારતમાં ઠંડી વધી રહી છે. રાજધાની દિલ્હીના તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. યુપી, પંજાબ અને હરિયાણામાં જોરદાર પવન ફૂંકાઈ રહ્યું છે. હવામાન વિભાગે આજે એટલે કે ૮મી ડિસેમ્બરના રોજ ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન ખાતાની આગાહી મુજબ શુક્રવારે ૮મી ડિસેમ્બરના રોજ મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી



રહેવાની શક્યતાઓ છે. ઉપરાંત ૧૩મી ડિસેમ્બર સુધી દિલ્હીમાં સવારના સમયે ધુમ્મસવાળું વાતાવરણ રહેશે. દિલ્હી-એનસીઆરના ક્યુઆઈની વાત કરીએ તો અહીં હાવની ગુણવત્તા ખરાબ થઈ રહી છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના કહેવા મુજબ દિલ્હીમાં ગુરુવારે ૨૪ વિસ્તારોમાં હવાનું સ્તર ખૂબ જ ખરાબ હતું. ગ્રેટર નોએડામાં ૨૮૮, ગાજિયાબાદમાં ૨૮૪, નોએડામાં ૨૭૯, ફરીદાબાદમાં ૨૮૫ અને ગુરુગ્રામમાં ૨૩૫ એક્યુઆઈ નોંધાયુ હતું.

સ્કાયમેટ વેધર મુજબ આગામી ૨૪ કલાકમાં પૂર્વોત્તર ભારતમાં છૂટો છવાયો વરસાદ જોવા મળશે. આગામી ૪૮ કલાકમાં નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, મેઘાલય અને આસામમાં ધીમોથી ભારે વરસાદ થઈ શકે છે. અરુણાચલ પ્રદેશમાં પણ ધીમો વરસાદ થઈ શકે છે.




દેહરાદૂનમાં ઉત્તરાખંડ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૨૩ના ઉદ્‌ઘાટન દરમિયાન ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી.

#### એક દિવસની નબળાઈ બાદ શેરબજારમાં ફરી તેજી

## સેન્સેક્સમાં ૩૦૪ અને નિફ્ટીમાં ૬૮ પોઈન્ટનો વધારો જોવા મળ્યો



। મુંબઈ, તા.૮ ।

શુક્રવારે શેરબજાર ૩૦૪ પોઈન્ટના વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યું હતું. મુંબઈ સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ ૩૦૪ પોઈન્ટના વધારા સાથે ૬૯,૮૨૫ના સ્તરે બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૬૮ પોઈન્ટના વધારા સાથે ૨૦૯૬૯ના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો હતો. શુક્રવારે નિફ્ટી મિડકેપ ૦.૨૧ ટકાની નબળાઈ સાથે ૪૪,૪૦૦ ના સ્તર પર બંધ થયો હતો, જ્યારે બીએસઈસ્મોલ કેપ ઈન્ડેક્સ ૦.૪૪ ટકાની નબળાઈ સાથે ૪૧૧૦૪ ના સ્તર પર બંધ થયો હતો. નિફ્ટી આઈટીમાં ૧.૩૧ ટકાનો સારો ઉછાળો નોંધાયો હતો અને તે ૩૩૩૯૩ના સ્તરે બંધ થયો હતો જ્યારે નિફ્ટી બેંક લગભગ એક ટકા મજબૂત બનીને ૪૭,૨૬૨ના સ્તરે બંધ થયો હતો. શુક્રવારે શેરબજારના તેજીના સમયગાળા દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટીએ સારો ફાયદો નોંધાવ્યો હતો. શુક્રવારે ગૌતમ અદાણી ગ્રુપ ની તમામ નવ લિસ્ટેડ કંપનીઓના શેરમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. એસીસીલિમિટેડના શેર ૦.૧૯ ટકાની નબળાઈએ બંધ થયા હતા જ્યારે એનડીટીવીના શેરમાં લગભગ ૬ ટકાની નબળાઈ નોંધાઈ હતી.મલ્ટિબેગર શેર્સની વાત કરીએ તો પટેલ એન્જિનિયરિંગના શેર લગભગ ૧૦ ટકાના ઉછાળા સાથે બંધ થયા હતા. ઓમ ઈન્ફ્રા ૨ ટકા, યુનિ પાર્ટ્સ ઈન્ડિયા ૧.૫ ટકા, સ્ટોવ ક્રાફ્ટ અને દેવયાની ઈન્ટરનેશનલના શેર લીલા નિશાનમાં બંધ થયા હતા, જ્યારે ગતિ લિમિટેડ, કામધેનુ, ટાટા મોટર્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝની સાથે જિયો ફાઈનાન્સિયલ સર્વિસિસના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. શુક્રવારના કારોબારમાં ઈન્ફોસીસ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંક અને પતંજલિ ફૂડ્સના શેર વધ્યા હતા, જ્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ફેડરલ બેંક, મુથૂટ ફાઈનાન્સ, મારુતિ સુઝુકી, એસબીઆઈ કાર્ડ, બજાજ ફાઈનાન્સ અને આઈઆરસીટીસીના શેર લાલ નિશાનમાં બંધ થયા હતા. નિફ્ટી મિડકેપ ૧૦૦ અને બીએસઈ સ્મોલ કેપમાં નબળાઈ નોંધાઈ હતી જ્યારે નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં વધારો થયો હતો. શેરબજારના ટોપ ગેનર્સની વાત કરીએ તો એચસીએલટેક, એલટીઈમાઈન્ડટ્રી, જેએસડબલ્યુસ્ટીલ અને ઈન્ફોસિસના શેર લીલા નિશાનમાં બંધ થયા છે. નબળાઈ દર્શાવતા ટોચના શેરોમાં અદાણી એન્ટરપ્રાઈઝ, આઈટીસી, ઓએનજીસી અને બ્રિટાનિયાના શેરનો સમાવેશ થાય છે.

#### યૂઝર્સની સુરક્ષા માટે ગુગલે એક નવું પગલું ભર્યું

## સ્પાય લોન એપ્સ તરીકે કામ કરતી ૧૮ લોન એપ્સ ગુગલે ડિલિટ કરી

। નવી દિલ્હી, તા.૮ ।

યૂઝર્સની સુરક્ષા માટે ગુગલે એક નવું પગલું ભર્યું છે. હાલમાં જ ગુગલે ૧૮સ્પાય લોન એપ્સડિલીટ કરી છે. આ એપ્સને પ્લે સ્ટોરથી લાખો લોકો ડાઉનલોડ પણ કરી ચૂક્યા હતા. સોફ્ટવેર કંપની ઈસેટએ આને લઈને એક નવો રિપોર્ટ પણ જાહેર કર્યો છે.

જેમાં જણાવાયું છે કે, ૧૮ એપ્સની ઓળખ થઈ છે જે સ્પાય લોનએપ્સ તરીકે કામ કરી રહી હતી. આ એપ્સ યૂઝર્સના ડેટા વગર માહિતીએ ચોરતી હતી. તેવામાં જો તમારા મોબાઈલમાં પણ આ એપ્સ છે તો આજે જ ડિલીટ કરી નાખવી જોઈએ. આ એપ્સ લોન લેનારા યૂઝર્સને બ્લેકમેઈલ કરવામાં આવતા હતા. આ ડેટાના આધારે, યૂઝર્સને લોનની રિપેમેન્ટ કરવા માટે મજબૂર કરાતા હતા અને વધુ વ્યાજની માંગ કરતા હતા.

ESET રિસર્ચરે આ એપ્સની ઓળખ કરી છે જે યૂઝર્સ સાથે છેતરપીંડી કરવા માટે કામ કરતી હતી. આ એપ્સ આફ્રિકા, લેટિન અમેરિકા અને સાઉથ ઈસ્ટ એશિયાના યૂઝર્સને ટાર્ગેટ કરતી હતી. આ વખતે જ્યારે ગૂગલને માહિતી મળી તો કાર્યવાહી કરતા ૧૭ એપને રિમૂવ કરી દીધી હતી. હવે તેમાં જે




યૂઝર્સે આ એપ્સને ડાઉનલોડ કરી લીધી છે તેમને પણ તુરંત તેને ડિલીટ કરી દેવી જોઈએ. કઈ એપ્સને ગૂગલે કરી રિમૂવ?

AA Kredit, Amor Cash, GuayabaCash, EasyCredit, Cashwow,CrediBus,FlashLoan, PréstamosCrédito, Préstamos De Crédito-YumiCash, Go Crédito, InstantáneoPréstamo, Carteragrande, Finupp Lending, 4S Cash, TrueNaira, EasyCash તેવામાં જો તમારા મોબાઈલમાં પણ આ એપ્સ છે તો તેને તાત્કાલિક ડિલીટ કરી દેવી જોઈએ. કારણ કે તેનાથી તમને ભારે નુકસાન થઈ શકે છે. જોકે, કંપનીએ એવો દાવો હજુ સુધી નથી કર્યો કે કેટલા ભારતીયોના મોબાઈલમાં આ એપ્સ છે. તમે પણ તમારો સ્માર્ટફોન ચેક કરી શકો છો.

#### અગ્નિ ૧ મિસાઈલ ૭૦૦ કિમી સુધીની રેન્જ ધરાવે છે

## અગ્નિ-૧ મિસાઈલનું સફળ ટ્રેનિંગ લોન્ચ કરવામાં આવ્યું

### સ્ટ્રેટેજિક ફોર્સીસ કમાન્ડ આયોજિત ટ્રેનિંગ લોન્ચ, તમામ ઓપરેશનલ અને તકનીકી પરિમાણો સફળતાપૂર્વક પૂર્ણ

। થિરુવનંતપુરમ, તા.૮ ।

ગઈકાલે મધ્યમ રેન્જની બેલેસ્ટિક મિસાઈલ 'અગ્નિ-૧'નું ટ્રેનિંગ લોન્ચ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું. સંરક્ષણ મંત્રાલયે આ અંગે માહિતી આપી છે. મંત્રાલયે કહ્યું કે ઓડિશાના એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી મીડીયમ રેન્જની બેલેસ્ટિક મિસાઈલ 'અગ્નિ-૧'નું પ્રશિક્ષણ પ્રક્ષેપણ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું. મંત્રાલયે એ પણ માહિતી આપી હતી કે સ્ટ્રેટેજિક ફોર્સીસ કમાન્ડના નેજા હેઠળ આયોજિત ટ્રેનિંગ લોન્ચ, તમામ ઓપરેશનલ અને તકનીકી પરિમાણોને સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. અગ્નિ ૧ મિસાઈલ ૭૦૦ કિલોમીટર સુધીની રેન્જ ધરાવે છે. આ મિસાઈલનું વજન ૧૨ ટન છે અને તે ૧૦૦૦ કિલોગ્રામના પરમાણુ હથિયાર લઈ જઈ શકે છે. અગ્નિ ૧ મિસાઈલને એડવાન્સ સિસ્ટમ લેબોરેટરી દ્વારા ડિફેન્સ રિસર્ચ ડેવલપમેન્ટ લેબોરેટરી અને રિસર્ચ સેન્ટર ઈમરતના સહયોગથી વિકસાવવામાં આવી છે. આ મિસાઈલ હૈદરાબાદ સ્થિત ભારત




ડાયનેમિક્સ લિમિટેડ દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. આ મિસાઈલને સૌ પ્રથમ વર્ષ ૨૦૦૪માં સેવામાં લેવામાં આવી હતી. આ સરફેસ ટુ સરફેસ મિસાઈલ સોલિડ પ્રોપેલન્ટ વડે બનાવવામાં આવી છે. આ મિસાઈલનું જૂનમાં સફળ પરીક્ષણ થયું હતું. અગ્નિ શ્રેણીની મિસાઈલો ભારતની પરમાણુ ડિલિવરી ક્ષમતાનો એક મહત્વપૂર્ણ ઘટક છે. ભારતે 'અગ્નિ' શ્રેણીની ઘણી મિસાઈલો વિકસાવી છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં પરમાણુ સક્ષમ બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ-૫નું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જે ૫,૦૦૦ કિલોમીટર દૂર સુધીના લક્ષ્યોને નિશાન બનાવી શકે છે.

#### ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જનારાઓ માટે ચિંતાના સમાચાર

## ૨૦૧૮થી અત્યાર સુધીમાં વિદેશોમાં ૪૦૩ ભારતીય છાત્રોના મોત થયા

### રિપોર્ટ અનુસાર, વિશ્વના ૩૪ દેશોમાં કેનેડામાં સૌથી વધુ ૯૧ મૃત્યુ થયા, સરકારે રાજ્યસભામાં માહિતી આપી

। નવી દિલ્હી, તા.૮ ।

ભારતમાં રહેતા ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવાના ઈરાદે વિદેશમાં જાય છે. જેમાં ખાસ કરીને આ વિદ્યાર્થીઓ અમેરિકા, ઈંગ્લેન્ડ, રશિયા અને કેનેડા, ઓસ્ટ્રેલિયા જેવા દેશોની પસંદગી કરે છે. આ દરમિયાન ભારત સરકારે એક અહેવાલ બહાર પાડ્યો હતો જેમાં ૨૦૧૮ થી વિદેશોમાં વિવિધ કારણોસર ૪૦૩ ભારતીય વિદ્યાર્થીઓના મૃત્યુ થયાનો ઉલ્લેખ કરાયો છે. આ રિપોર્ટ અનુસાર,



વિશ્વના ૩૪ દેશોમાં કેનેડામાં સૌથી વધુ ૯૧ મૃત્યુ થયા છે.

વિદેશ રાજ્યમંત્રી વી મુરલીધરને રાજ્યસભામાં માહિતી આપી હતી કે મંત્રાલય પાસે ઉપલબ્ધ માહિતી અનુસાર, ૨૦૧૮થી વિદેશમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓના મૃત્યુની ૪૦૩ ઘટનાઓ સામે આવી છે. ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ કેનેડામાં ૨૦૧૮થી અત્યાર સુધીમાં ૯૧ ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. ત્યારબાદ બ્રિટન(૪૮), રશિયા (૪૦), અમેરિકા (૩૬), ઓસ્ટ્રેલિયા (૩૫), યુક્રેન (૨૧), જર્મની- સાયપ્રસ (૧૪), ઈટાલી અને ફિલિપાઈન્સ (૧૦)નો નંબર આવે છે.

### પાકિસ્તાનમાં પણ નરેન્દ્ર મોદીનો ક્રેઝ જોવા મળે છે : અંજુ

। નવી દિલ્હી, તા.૮ ।

પાકિસ્તાનથી ભારત પરત ફરેલી અંજુએ ઘણા ખુલાસા કર્યા છે. ૨૯ નવેમ્બરે ભારત ફરેલી અંજુએ કહ્યું કે, જે સમયે તે પાકિસ્તાનમાં હતી ત્યારે લોકો તેને ભારતને લઈને ઘણા પ્રશ્નો પુછતા હતા. અંજુએ જણાવ્યુ કે, "પાકિસ્તાનમાં પીએમ નરેન્દ્ર મોદીનો ગજબનો ક્રેઝ છે ત્યાંના લોકો પીએમ મોદીને ખૂબ પસંદ કરે છે અને ત્યાં તેમના ઘણા ચાહકો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા કેટલી ઊંચી છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેઓ ગૂગલ પર સૌથી વધુ સર્ચ કરવામાં આવતા નેતા છે. આ મામલે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન અને બ્રિટિશ પીએમ ઋષિ સુનક પણ તેમની પાછળ છે.

#### ભૂકંપની દ્રષ્ટીએ ૨૦૨૩નું વર્ષ ખૂબજ ખતરનાક સાબિત થયું

## ૨૦૨૩ના વર્ષ દરમિયાન અલ્મોરા ફોલ્ટથી ૧૨૪ વાર ધરા ધ્રૂજી હતી

### ૨૪મી જાન્યુઆરીએ ૫.૮ની તીવ્રતાનો ભૂકંપ, 3 ઓક્ટોબરે ૬.૨ની અને 3 નવેમ્બરે ૬.૪ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયા

। નવી દિલ્હી ,તા.૮ ।

ભૂકંપની દ્રષ્ટિએ આ વર્ષ ઘણું ખતરનાક સાબિત થયું છે. આ વર્ષની શરુઆતમાં જ ૫.૮ની તીવ્રતાનો ભૂકંપનો અનુભવાયો હતો અને વર્ષમાં કુલ ૧૨૪ વાર ધરા ધ્રુજી છે. કેન્દ્રિય મંત્રીએ સંસદમાં અલ્મોરા ફોલ્ટને જવાબદાર ગણાવ્યો હતો

વર્ષ ૨૦૨૩ ૨૪મી જાન્યુઆરીએ ૫.૮ની તીવ્રતાના ભૂકંપ સાથે શરુ થયું હતું અને ત્યારબાદ ત્રીજી ઓક્ટોબરે ૬.૨ની અને એક મહિના બાદ ત્રીજી નવેમ્બરે



૬.૪ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો જેણે નેપાળમાં ભારે તબાહી મચાવી હતી. નેપાળ ત્રણેય ભૂકંપનું કેન્દ્ર હતું અને તેની અસર ભારતના પર્વતીય વિસ્તારોથી લઈને દિલ્હી-એનસીઆરસુધી થઈ હતી. લોકસભામાં બુધવારે ૪ વર્ષનો ડેટા રજૂ કરતા સમયે કેન્દ્રિય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું હતું કે વર્ષ ૨૦૨૦થી ૨૦૨૩ સુધીના ચાર વર્ષમાં આ વર્ષમાં સૌથી વધુ ભૂકંપ અનુભવાયા છે. વર્ષ ૨૦૨૧માં સૌથી ઓછા ૬૦ વખત ભૂકંપ અનુભવાયા હતા જ્યારે વર્ષ ૨૦૨૦માં ૬૧ અને ૨૦૨૨માં ૬૫ વખત ધરા ધ્રુજી હતી.

આ વર્ષે આવેલા ૧૨૪ ભૂકંપ માંથી, ૯૭ ભૂકંપ ૩થી ૩.૯ ની તીવ્રતાના હતા, જ્યારે ૨૧ ભૂકંપ એવા હતા કે જેની તીવ્રતા ૪થી ૪.૯ ની માપવામાં આવી હતી.

## તંત્રી લેખ...

# આતંકવાદનો ખાત્મો થવો હજુ બાકી

લોકસભામાં જમ્મુ-કાશ્મીર સંબંધિત બે બિલો પર ચર્ચા સમયે ગૃહમંત્રી અમિત શાહે જે કહ્યું કે પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુની ભૂલોને કારણે આ રાજ્યનો એક હિસ્સો પાકિસ્તાનના કબ્જામાં ચાલ્યો ગયો, તે એક એવું તથ્ય છે કે જેનો કોઈ ઈનકાર ન કરી શકે. ગૃહમંત્રીના એ નિષ્કર્ષ સાથે પણ અસંમત ન થઈ શકાય કે જો નેહરુ કાશ્મીર મુદ્દાને સંયુક્ત રાષ્ટ્રમાં ન લઈ જતા તો ગુલામ કાશ્મીર ભારતનો હિસ્સો હોત. એ સમજી શકાય છે કે કોંગ્રેસના સદસ્યોને ગૃહમંત્રીની વાત કડવી લાગી હશે, પરંતુ એનાથી સચ્ચાઈ બદલાઈ જવાની નથી કે જો નેહરુ પાકિસ્તાનના કબ્જાવાળા ક્ષેત્ર તરફ આગળ વધતી ભારતીય સેનાને રોકીને સંઘર્ષ વિરામની જાહેરાત ન કરતા તો સેના ગુલામ કાશ્મીરને મુક્ત કરાવી શકે તેમ હતી. એ ઉલ્લેખનીય છે કે ખુદ નેહરુએ શેખ અબ્દુલ્લાને લખેલા એક પત્રમાં એ માન્યું હતું કે સંઘર્ષ વિરામનો અમારો નિર્ણય અપેક્ષિત પરિણામો ન આપી શક્યો. આખરે જ્યારે ખુદ તેમણે પોતાની ભૂલનો આભાસ કર્યો, તો પછી કોંગ્રેસના નેતાઓએ તેની અવગણના કરવાનો શો મતલબ? નેહરુની ભૂલોનું એક અન્ય ઉદાહરણ કલમ ૩૭૦ પણ હતું. આ વિભાજનકારી કલમે માત્ર એક દેશ, બે વિધાનની સ્થિતિ જ પેદા ન કરી, બલ્કે જમ્મુ-કાશ્મીરમાં અલગતાવાદને પણ પોષિત કર્યો. આ જ અલગતાવાદને કારણે પાકિસ્તાનને જમ્મુ-કાશ્મીરમાં હસ્તક્ષેપ કરવાનો અવસર મળ્યો. તેના હસ્તક્ષેપને કારણે જ અલગતાવાદે આતંકવાદનું રૂપ ધારણ કરી લીધું. એ સાચું કે જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો ખાત્મો થવો હજુ બાકી છે, પરંતુ એનો ઈનકાર નહીં કે કલમ ૩૭૦ હટાવ્યા બાદથી આતંકી ઘટનાઓ પર એક મોટી હદે લગામ લાગી છે. તે ઉપરાંત આ કલમ હટ્યા બાદ જમ્મુ-કાશ્મીરનો માહોલ બદલાયો છે અને ત્યાં સ્થિતિઓ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે. એ આશ્ચર્યજનક છે કે કલમ ૩૭૦ની વિભાજનકારી અને ભેદભાવ ભરેલી જોગવાઈઓ બાદ પણ તેને હટાવવાનો વિરોધ કરાઈ રહ્યો છે. આખરે જે કલમ અસ્થાયી હતી, તેને રદ કરવાના નિર્ણયનો વિરોધ કરવાનો શો મતલબ? કોંગી નેતાઓ નેહરુની ભૂલોનો ઉલ્લેખ થતાં જ લાલચોળ થઈ જાય છે, પરંતુ તેઓ એ સમજવાની કોશિશ નથી કરતા કે તેમનાથી વાસ્તવમાં કેટલીક ભૂલો થઈ છે. સત્તામાં રહેતી વખતે શાસક જે કંઈ નિર્ણય લે છે, તેમાં ક્યારેક કેટલાક ખોટા પણ સાબિત થાય છે. યોગ્ય એ જ છે કે શાસકોના નિર્ણયોનું આકલન તેમના ગુણ-દોષના આધાર પર કરવામાં આવે. કોંગ્રેસ લાંબા સમય સુધી કેન્દ્રની સત્તામાં રહી છે. આ દરમ્યાન તેના વડાપ્રધાનોએ કેટલાય સારા નિર્ણયો લીધા, તો કેટલાક ખરાબ પણ હતા. દાખલા તરીકે વડાંપ્રધાન રૂપે ઈન્દિરા ગાંધીએ જે રીતે બાંગ્લાદેશની મુક્તિનું યુદ્ધ લડ્યું, તેની પ્રશંસા આખો દેશ કરે છે, પરંતુ કોઈપણ વ્યક્તિ ઈન્દિરા દ્વારા કટોકટી લાદવાના તેમના નિર્ણયનું સમર્થન ન જ કરી શકે.

# કોણ બનશે મુખ્યમંત્રી?

આ લખાઈ રહ્યું છે કે ત્યાં સુધી હજી પણ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના મુખ્યમંત્રીના નામ જાહેર થયા નથી. ભાજપની શીર્ષસ્થ નેતાગીરી કોથળામાંથી બિલાડું કાઢવા માટે પ્રખ્યાત છે. ગુજરાતમાં રાતોરાત ભુપેન્દ્ર પટેલને મુખ્યમંત્રી પદ આપી મોદીજીએ બધાને ચોંકાવી દીધા હતા. ભુપેન્દ્ર પટેલને કોઈ જાણતું પણ ન હતું અને તેઓ ગુજરાતના નાથ બની ગયા જો કે ત્યારબાદની ચુંટણીના પરિણામ ઐતિહાસિક હતા. ફરી એકવાર મોદીજીએ સાબિત કરી બતાવ્યું કે મોદી હૈ તો સબ કુછ મુમકિન હૈ. આ વખતની પાંચે રાજયોની ચુંટણીમાં ભાજપાએ મોદીના નેતૃત્વને જ આગળ કરી સંકેત આપી દીધો કે ૨૦૨૪માં મોદી જ વડાપ્રધાન હશે. પાંચે રાજયોમાં મુખ્યમંત્રીઓના નામ જાહેર ન કરી મોદીજીએ ઉછળકૂદ કરતા સત્તા માટે તરફડતા મહત્વાકાંક્ષી લોકોને સીધો જ સંદેશ આપ્યો છે કે ચુંટણી મારા નામ પર જ જીતાશે અને 'હું' નક્કી કરું એને જ મુખ્યમંત્રી બનાવાશે. એમ પણ મોદીજીને જે રાજકારણી વધુ પડતા ઉત્સાહી થઈ પોતાને મુખ્યમંત્રી પદના દાવેદાર માનતા હોય તેને કટ ટુ સાઈઝ કરી દેવાની જૂની આદત છે. યાદ કરો ગુજરાતના એ નેતાઓ જે મુખ્યમંત્રીના દાવેદારની રેસમાં હતા, જે આજે શોધ્યા પણ મળતા નથી ! વસુંધરા રાજેના ઘરે ચુંટાયેલા ધારાસભ્યોની અવરજવર વધી ગઈ તો ઉપરથી આદેશ થયા છે માપમાં રહો. વસુંધરા રાજેએ કહેવું પડયું કે હું તો પક્ષની અનુશાસિત કાર્યકર્તા છું. એક સમયે મોદીજીની સામે શિંગડા ભરાવનાર નેતા આજે સરેન્ડર થઈ પક્ષ કહેશે એમ કરીશુંની પીપૂડી પરાણે વગાડી રહ્યા છે ! મધ્યપ્રદેશમાં શિવરાજસિંહે પ્રચંડ બહુમતી મેળવી પણ હવે એ જ મુખ્યમંત્રી બનશે એવી ૧૮ વર્ષના શાસન પછી ખુદ કહી શકતા નથી. શિવરાજસિંહ લાડલી બહેના અને એવી બીજી અનેક યોજનાઓ દ્વારા મધ્યપ્રદેશમાં છવાઈ ગયા પણ તેઓ ૨૦૨૪ની લોકસભાની ચુંટણીમાં તમામ બેઠકો ભાજપને મળે એવા પ્રયત્નો કરીશ મને મુખ્યમંત્રી પદમાં રસ નથી એવું કહી રહયા છે. રાજસ્થાનમાં ગેહલોતે સારું કામ કર્યુ હતું પરંતુ ગેહલોત -પાયલોટનો વિવાદ નડી ગયો અને અધુરામાં પુરુ મોદીજીના રોડ શોએ સૂપડા સાફ કરી નાખ્યા. રાજસ્થાનમાં રાજા-રાણીઓને સત્તા મળે છે કે બાબા બાલકનાથને એનો સસ્પેન્સ યથાવત છે. છત્તીસગઢમાં પણ બધેલને મહાદેવ એપ નડી ગઈ અને ભાજપને સ્પષ્ટ બહુમતી મળી ગઈ. જે તે રાજયોના સ્થાનિક મુદ્દાઓને હડસેલી પ્રજાને મોદી કી ગેરંટી વધુ પડતી સાચી લાગી ગઈ છે. દેશ મહાન છે વ્યકિત નહીં એવી વિચારધારા હાંસિયામાં ધકેલાતી જાય છે. એમ પણ આપણા દેશના લોકોની માનસિકતા વ્યકિતપૂજા તરફ વધુ ઢળેલી છે. અહીં વ્યકિતને મસીહા બનાવી દેવાની હોડ લાગી હોય છે. દર વખતે ચૂંટણીમાં અંડરકરંટ પ્રવાહ હોય છે જે ચુંટણીના પરિણામો પર અસર કરતો હોય છે.આ પાંચ રાજયોમાં એવો કોઈ અંડરકરંટ સ્પષ્ટપણે જોવા મળ્યો નથી. રાહુલ ગાંધીને અદાણી સિવાયના બીજા કોઈ મુદ્દા મળતા જ નથી ! ઈન્ડિયા ગઠબંધનમાં જ ઠેકાણા નથી. બધાં ભેગા થઈ શકે તેવું હાલ તો લાગી રહ્યું નથી. આવેલા પરિણામો સ્પષ્ટપણે એ નિર્દેશ કરે છે કે પ્રજા શાંતિ અને સલામતિ માટે સ્થિર સરકાર ચુંટવા જેટલી પુખ્ત બનતી જાય છે. ચુંટણીમાં ગાજેલા મુદ્દાઓને એકબાજુ મુકીએ તો પણ મોદીજીના નેતૃત્વમાં લોકોએ વિશ્વાસ મૂકયો છે, મોદી કી ગેરંટી લોકોએ માની લીધી છે. નરેન્દ્ર મોદીના કટ્ટર વિરોધીઓ પણ કાન પકડી એક વાત તો માને જ છે કે મોદીજી પ્રજા સાથે કનેકટ થવાની અદ્ભૂત હથોટી ધરાવે છે, જે બીજા કોઈ નેતા પાસે નથી. નરેન્દ્ર મોદીની પ્રજા સાથે સીધી વાત કરવાની પ્રભાવક શૈલી, વાક્પટુતા અને મનકી બાત સમજવાનો આત્મવિશ્વાસ હાલમાં તો કોઈ નેતા પાસે જોવા મળતો નથી.

# માનસ અને મસાન બંને પરમ યજ્ઞ છે, પરમ યજ્ઞમાં સાત લક્ષણો હોય છે, જેમાં પરમાત્માની ઈચ્છા સમાયેલી છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

બીજા દિવસની માનસ મસાનની કથામાં પ્રવેશ કરતાં પૂજ્ય બાપુએ કહ્યું કે, અયોધ્યામાં જ્યારે પ્રભુ શ્રીરામે વનવાસ ગમન કર્યું, ત્યારે અયોધ્યાવાસી સંસાર મિથ્યા છે, એમ સમજી એની સાથે ચાલ્યાં. પ્રભુ જ્યારે તેમને પાછા વળી જવા કહે છે, અને અયોધ્યાવાસી પ્રભુની આજ્ઞા માની પાછાં ફરે છે, ત્યારે તેમને" ઘર મસાન પરિજન જનુ ભૂતા" એટલે કે પ્રત્યેક ઘર સ્મશાન લાગે છે. આમ પણ ઘર સ્મશાન જ છે! મૃત્યુ ન થયું હોય એવું એકપણ ઘર ન્હોય! પોતાની વાત કરતાં કહ્યું કે અમારે વૈશ્નવ સાધુમાં તો આંગણાંમાં જ સમાધિ. જાગેલો વ્યક્તિ તો પોતાના ઘર ને સ્મશાન જ કહે! આમ પણ નિશ્ચિત સુખદાયક છે અને અનિશ્ચિત શોકદાયક! મૃત્યુ સમયે વિવેક રાખવો મુશ્કેલ છે,પણ કરવું તો પડશે! કથાની પ્રેમસભામાંથી જીવન સરળ બનાવવા મૃત્યુનો જીવન મંત્ર લઈને જજો! જીવન સરળ બની જશે અને મૃત્યુ આનંદદાયક બની જશે,પણ મમતા કે સંવેદના મારવાનાં નથી. મહાભારતની કથામાં આવે છે કે, યુદ્ધ બાદ ધૃતરાષ્ટ્ર ચોધાર આંસુડે રડતાં રડતાં યુદ્ધમાં માર્યા ગયાની સંખ્યા બતાવી અને યુધિષ્ઠિરને કહ્યું કે આટલા કરોડ ને આટલાં લાખને તિલાંજલિ આપ! પાંડવો ને એવો ભ્રમ હતો કે યુદ્ધ બાદ એ રાજાધિરાજ કહેવાશે. જેમાં પરમાત્માની ઈચ્છા સમાયેલી છે એ નિશ્ચિત છે, એટલે જે નિશ્ચિત છે એનો શોક શું કામ! આપણી ઈચ્છા ઘણી હોય કે આમ થાય! તેમ થાય! પણ એમાં પરમાત્માની ઈચ્છા નહોય તો એ પૂરી ન થાય! રામ નામ ભગવાન શંકરનો મહામંત્ર છે, પરંતુ એ મહામંત્રની છાયાંમાં બેસી એમણે સૂત્રના રુપમાં ઘણા મહામંત્ર આપ્યા છે.

**હરિ ઈચ્છા ભાવિ બલવાના!**
**હૃદય બિચારત શંભુ સુજાના.**

નરસિંહને યાદ કરી કહ્યું જે ગમે જગત ગુરુ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો. કોઈપણનું મૃત્યુ થાય, તો સંવેદના જરૂર સતાવશે! પણ સત્યને ખુશીથી કે નાખુશી થી સ્વીકારવું પડે છે. વ્યાસપીઠ આપ સૌ સુધી એક વાત પહોંચાડવા માંગે છે કે મરણનો આનંદ લેવો હોય તો સ્મરણ વધારવું પડશે બસ આ એક માત્ર ઉપાય છે. આપણે બધા જ ભૂત છીએ, હું પણ ભૂત છું, આખી જીવસૃષ્ટિ ભૂત સૃષ્ટિ છે. મારા સદગુરુની કૃપાથી જે સમજમાં આવ્યું છે એ કહું તો તો જે થઈ ગયું એ ભૂત છે, અને જે પ્રેત એટલે જે ભવિષ્યની ચિંતા કરે એ. હનુમાનજીનું સ્મરણ કરો તો આનો હલ નીકળે.

**ભૂત પિશાચ નિકટ નહીં આવે,**
**મહાબીર જબ નામ સુનાવે.**



પનઘટ અને મરઘટ બે શબ્દ બહુ પ્રચલિત છે, એક જીવનનું પ્રતીક છે અને એક મૃત્યુનું પ્રતીક.પનઘટ પર મહિલાઓ પાણી સીંચે છે અને જળ એટલે જીવન ! મરઘટ કબીર સાહેબનો શબ્દ છે અને તુલસીદાસજી જેને મસાન કહે છે. કબીર સાહેબ જાગી ગયેલ સાધુ હતા એટલે એમણે કહ્યું હું ઈશ્વરનો અંશ છું, હમ ના મરે, મરીહે સબ સંસારા! હમકો મિલા હૈ જીલાવનહારા. હું તલગાજરડા હોઉં તો ત્યારે રોજ સ્મશાન ચક્કર લગાઉં છું, તો મૃત્યુનો ડર ઓછો કરવા સમય મળે સ્મશાન જવું. પણ આનો ઉંધો અર્થ ન કરશો કે બાપુ તંત્ર સાધના કરે છે! મારી પાસે એક જ મંત્ર છે! જે શિવનો હતો, રામ કેવળ રામ. રામચરિત માનસમાં મસાન શબ્દ બે વાર આવ્યો છે, તુલસીના બધા ગ્રંથોમાં છ વાર મસાન અને ત્રણવાર મસાનુ શબ્દ આવે છે, એટલે એમનાં સમગ્ર સાહિત્યમાં નવ વાર મસાન શબ્દ આવે છે, એટલે સ્મશાન અપૂર્ણ નથી! આપણાં માટે આ શિવનું ધામ એટલે કે પિતૃગૃહ છે! એવું કોઈ શહેર મહોલ્લો કે કોઈ ટીંબો નથી, જ્યાં શિવનાં પિતૃ ન્હોય. સારેગમપ ધનિસા જે સપ્ત સૂરની આપણે ત્યાં વાત છે એમાં 'મ' એ મધ્યમાં છે એટલે મસાન મધ્યમ સૂર છે. કાશીમાં પાંચ 'મ' કાર મહાદેવ, એ જેનો જાપ કરે છે એ મહામંત્ર, મારુતિ, તુલસીનું માનસ, 'મ' અને પાંચમું આપ પર છોડુ છું, પણ મારા મતે મસાન, ધ્યાન રાખો. રામચરિત માનસમાં ઘણા યજ્ઞની વાત છે. બાલકાંડમાં દક્ષયજ્ઞ, બીજો પુત્રકામેષ્ઠી યજ્ઞ.

**સૃંગી ઋષિહિ બસિષ્ઠ બોલાવા,**
**પુત્રકામ સુભ જગ્ય કરાવા.**
**પછી વિશ્વામિત્ર યજ્ઞ,**
**જેની રક્ષા ભગવાન રામ એ કરી.**
**જહં જપ જગ્ય જોગ મુનિ કરહી,**
**અતિ મારીચ સુબાહુહિ ડરહી.**
**પછી ધનુષયજ્ઞ, જેમાં ભગવાન મહારાજ જનક એ ઘોષિત કરેલ હતો.**
**ધનુષ જગ્ય સુનિ રઘુકુલ નાથા,**
**હરષિ ચલે મુનિબર કે સાથ.**

આમ પરોક્ષ અપરોક્ષ કેટલાય યજ્ઞની વાત રામચરિત માનસમાં આવે છે, અને આગળ વધીએ એમ બીજા યજ્ઞ પણ આવે છે. ઈન્દ્રજીત અને રાવણ એ પણ યજ્ઞ કર્યો. ગીતાને જ્ઞાનયજ્ઞ કહે છે, વિનોબાજી શ્રમ અને કર્મને યજ્ઞ કહ્યા, તો વ્યાસપીઠ કથાને પ્રેમયજ્ઞ કહે છે. ભગવાન રામે પણ યજ્ઞ કર્યા, રાજસૂય યજ્ઞ અશ્વમેધ. સ્મશાન એ પરમ યજ્ઞ છે,ઈતિ ત્રિ સ્ત્યમ. જેમાં સાત વસ્તુનો સમાવેશ થાય એને, પરમ યજ્ઞ કહેવામાં આવે છે. યજ્ઞનાં સાત અંગ ,જ્યાં અગ્નિ, સમિધ, શાંતિ, એટલે જ જપને યજ્ઞ કહેછે , અને સ્મશાનવત શાંતિ એ એવો શબ્દપ્રયોગ થાય છે. યજ્ઞમાં મંત્ર હોય, અગ્નિસંસ્કાર વખતે પણ મંત્ર બોલવામાં આવે છે. યજ્ઞમાં ઘી હોય, યજ્ઞમાં બલિદાન હોય જે દેશકાળ પ્રમાણે પ્રાસંગિક નથી, યજ્ઞમાં પશુ બલી અને નરબલીની પ્રથા હતી. મમતા દેહ પ્રધાન હોય છે, મમતાનુ બલિદાન આપો. સાતમુ અને અંતિમ વ્યાસપીઠની દ્રષ્ટિએ નિર્દભતા નિરાવરણતા કે આવરણ મુક્ત નિષ્કપટ! મડદાને જ્યારે બાળવામાં આવે ત્યારે વસ્ત્ર કાઢી નાખવામાં આવે છે. એટલે એક સંદેશ છે કે મૃત્યુને કોઈ આવરણ હોતું નથી. જીંદગીભર કેટલાયની નીંદા કરી, કેટલાયને ઉઘાડા કર્યા, મરનારની ઈજ્જત રાખો!

આ એક વ્યક્તિગત વિચાર છે, શાસ્ત્ર સંમત હોય એની હું ના ન પાડી શકું. કોઈપણ વ્યક્તિ, સ્થાન, સાધના સ્થલી આશ્રમ કે પોતાનું ઘર હોય પણ જ્યાં આ સાતે વસ્તુ હોય, એને પરમ યજ્ઞ સમજવો અને પરમ યજ્ઞનો અર્થ છે સ્મશાન! સ્મશાનનો અર્થ છે પરમ યજ્ઞ. જ્યાં અતિથિ સત્કારના રૂપમાં રોજ અગ્નિ પ્રજ્વલિત હોય, કે જેના ઘરમાં વિવેક હોય પણ, પાખંડ, દંભ, કપટ, કુચાલી, રુપે સમિધ બાળવામાં આવે એનું ઘર પરમ યજ્ઞ છે. જ્યાં મંત્ર હોય એટલે કે સવાર સાંજ પ્રભુની પૂજા પ્રાર્થના થતી હોય સુખ અને શાંતિ રહેતા હોય,એ ઘર પરમ યજ્ઞ છે. જ્યાં સ્નેહ રૂપી સિક્ત પદાર્થ એટલે કે ઘી હોય, આરપારતા નિષ્કપટ ભાવ જે પરિવારમાં મુખ્ય હોય, ઘરમાં મમતા હોય, પરંતુ જ્યારે જરૂર પડે ત્યારે પોતાની મમતાનું બલિદાન દેવા કોઈ તૈયાર થઈ જાય, તો એ ઘર પરમ યજ્ઞનું પ્રતીક છે. આ બધા જ પરમ યજ્ઞના લક્ષણો સ્મશાનમાં જોવા મળે છે, એટલે સ્મશાન મારી દ્રષ્ટિએ પરમ યજ્ઞ છે. રામચરિત માનસમાં પણ આ સાતેય છે એટલે માનસ સ્વયમ સ્મશાન છે. આપણા ઘરમાં માનસરૂપી સ્મશાન કાયમ રહે છે એટલે આપણું ઘર પણ પરમ યજ્ઞ છે. ગુજરાતી શબ્દકોશ ભગતગો મંડળમાં સ્મશાનના લગભગ ૧૦૦ જેટલા પર્યાય શબ્દો દર્શાવાયા છે. સદન એટલે કે પિતૃ ગૃહ, જેની આપણે પરમ યજ્ઞરૂપે વાત કરી. ભંજન એટલે કે જ્યાં બીજાને તોડવાની કે ખંડન મંડનની પ્રવૃત્તિ થતી હોય તે, બદાન એક બહુ મોટું દાન, કસમ એટલે કે પસંદ કરનારને સ્મશાન કહે છે. સુસાન સારી સમજ અથવા પરિપક્વ બુદ્ધિ, પારમ્બ એટલે કે જે પેલી વાર ચાલ્યો ગયો છે તે, મહાન, જનન, અહમ, બાસન, બાવન, મસાઈ, અયાન, મૌન, અસત, વસંત, વ્યસન, મોહન, પવન, ગહન, મગ્ન, આસન, જહાન, આસવ, માયા, આસન, મસ્કત, મહકન, માખન, દલન, મરના, મસના, મદન, મારના, એવા ઘણા શબ્દો દર્શાવાયા છે, આપણે તો ફક્ત સાત લક્ષણો યાદ રાખવા. માણસની કથા આપણને શાંતિ આપે છે, શાંતિ મળે છે એટલે હું ગાઉં છું હું અને સાંભળો છો. માનસની પ્રત્યેક ચોપાઈ મંત્ર છે, માનસમાં પ્રેમ અગ્નિ છે, સત્ય પણ અગ્નિ છે, કરુણા ઠંડો અગ્નિ છે. માનસ સ્નેહનું આદાન પ્રદાન કરે છે, સબ નર કરહી પરસ્પર પ્રીતિ એટલે ધૃત પણ છે. અહીં કપટ, દંભ, પાખંડ રૂપે ઈંધણ છે. કથાથી યુવાનો નિર્દભ થતા જાય છે, અને મમતાનો ત્યાગ કરતા પણ જોવા મળે છે. પુરાણોના સ્કંદપુરાણમાં એક કાશી ખંડ છે. કાશી ખંડમાં રુદ્રના સ્વરૂપો વિશે ઘણી વિસ્તૃત ચર્ચા થઈ છે. કાશીના સ્મશાનમાં માણસનું મૃત્યુ થાય ત્યારે સ્વયમ મહાદેવ એના જમણા કાનમાં તારક મંત્ર બોલે છે, અને જતી ચેતનાને તારક મંત્ર ના કારણે જ્ઞાન થાય છે. મારા મત પ્રમાણે ભગવાન શિવ એના કાનમાં રામ નામ બોલે છે મારા મત પ્રમાણે રામ નામ તારક મંત્ર છે.

એક બહેન નો પ્રશ્ન છે કે અમારું શરીર છે એ નાતે ધર્મને નામે અમારી પર અમુક પ્રતિબંધ છે કે, આ સમયે પૂજા પાઠ કે યજ્ઞ થઈ શકે નહીં, સત્કર્મ થાય નહીં, તો શું અમે એ ન કરી શકીએ? હું તો વર્ષોથી કહી રહ્યો છું કે એવો કોઈ પ્રતિબંધ છે નહીં, પરંતુ એ વિશેષ ધર્મને કારણે શરીરમાં નિર્બળતા હોય, શરીર થાકેલું હોય ત્યારે શ્રમ યજ્ઞ કે પૂજા પાઠનો શ્રમ ન કરીએ તો આરોગ્ય માટે સારું! પણ પ્રતિબંધના રૂપે કોઈ બંધન નથી. શું પુરુષ એટલે કે મૂછો વાળા જવાબ આપે કે આપણે ૨૪ કલાક શુદ્ધ હોઈએ છીએ? નિર્મળ મન હોઈએ છીએ? સમ્યક બુદ્ધિ હોઈએ છીએ? વિક્ષેપ મુક્ત ચિત્ત છીએ? હું કદાચ ખોટો હોઈ શકું પરંતુ હું બહુ સ્પષ્ટ છું કે, જે ખોટું બોલે, નિંદા કરે, બીજાને ઉતારી પાડે, એમને વ્રત કે પૂજા પાઠ કરવા જોઈએ નહીં!: સ્ત્રીઓએ જ જન્મ દીધો છે પુરુષને! સૌથી પહેલા પ્રત્યેક સ્ત્રી મા છે, અને એના માતૃત્વનો આદર કરવો જોઈએ. જેવી રીતે સમાજે સાધુને ક્યારેય સાધન ન બનાવો જોઈએ. સાધુ, સાધ્ય છે,એમ માતૃ શરીર પણ સાધ્ય છે, એને સાધન બનાવવું જોઈએ નહીં. કથાના ક્રમમાં હનુમાનજીની, ને રામના સખાઓની વંદના, માતૃદેવને જાનકીની વંદના, ભગવાન રામને વંદન! રામ નામની વંદના. ભગવાનના અનેક નામ છે, પરંતુ અસ્તિત્વે સૌપ્રથમ જે નામે પોકાર્યા એ નામ મારા મત પ્રમાણે રામ છે, જે સમગ્ર સૃષ્ટિનું મૂળ બિંદુ છે. પરંતુ આપ જે નામને માનતા હોય એ નામનું સ્મરણ કરો, દશે દિશામાંથી મંગલની અનુભૂતિ થશે. નામ પ્રભાવથી અનેક પ્રકારના પ્રકૃતિ પ્રદૂષણનો નાશ થતો જોવા મળે છે, આમ રામનામનો મહિમા ગાઈ બીજા દિવસની કથાને વિરામ આપ્યો.

# અભિમાન જાગે ત્યારે જ સાધનમાં ઉપેક્ષા જાગે ને પછી પતન થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

મન દગાખોર છે, કપટી છે. રૂપાળી દલીલો કરતાં તેને આવડે છે. તેની દલીલોમાં ફસાશો નહીં. અરે ખુદ ભગવાન કદાચ તમને કહે છે કે, મારા નામનો જપ કરવાની જરૂર નથી, સેવા કરવાની જરૂર નથી તો ભગવાનને કહી દેજો કે મારાથી તમારી આજ્ઞા નહીં પળાય. જીવનના છેલ્લા દિવસ સુધી સેવા બરાબર કરવાની છે.જીવનના છેલ્લા દિવસ સુધી રોજના નિયમ પ્રમાણે જપ, સેવા, કીર્તન ચાલુ રહે. જે દિવસે જીવનની સમાપ્તિ, તે દિવસે સેવાની સમાપ્તિ. મનુષ્ય સાધના કરે છે. સાધના કરતાં થોડી સિદ્ધિ મળે છે.સિદ્ધિ મળે એટલે પ્રસિદ્ધિ મળે છે, પ્રસિદ્ધિ મળે એટલે લોકો પાછળ પડે છે,એટલે અભિમાન આવે છે.અભિમાન આવે એટલે તેનું પતન થાય છે. કેટલીક વખત સાધુઓને બગાડ નાર તેમના ચેલા હોય છે. ચેલાઓની જમાત,બાપજી બાપ જી કરે એટલે સાધુમાં હું પણું આવે. પછી કહે કે હું તો મનથી સેવા કરું છું,હું સિદ્ધ છું.પણ મન માં દંભ પેઠો, અભિમાન પેઠું, કીર્તિ ની લાલસા પેઠી એનું શું? ખાડામાં પડેલો માણસ શું પહાડ પર બેઠો છું એમ માને એથી શું? તુકારામજી જેવા સંત પણ કહે છે કે, આ તુકો પાંડુરંગ થઈ ગયો છે, પણ ભજન કરવાની એને એવી આદત પડી ગઈ છે કે એ જતી નથી.

એમ આદત પડી જવી જોઈએ.ઈશ્વરનાં દર્શન પછી પણ જપ વગેરે સાધન છોડાય નહીં. સાધ્યની પ્રાપ્તિ થઈ એટલે પછી કેટલાકને સાધન પ્રત્યે ઉપેક્ષા થાય છે. આમ ન બનવા પામે તેની કાળજી રાખજો.સાધન છોડવામાં ભારે જોખમ છે. બળવાન હાથીને પણ અંકુશની જરૂર છે, તેમ મનને પણ અંકુશમાં રાખવા માટેનું સાધન છે ભજન. ભજનમાં દૈન્યભાવ જરૂરનો છે. સર્વ સાધન કરે પણ જેને સાધનનું અભિમાન નથી તેમાં ધન છે. દીનતાથી ભક્તિ દૃઢ થાય છે. આટલા આત્મ સમર્પણવાળી



ગોપીને પણ અભિમાન થાય છે કે, અમે બધું ત્યજીને આવીએ છીએ એટલે કે સાધકે સાવધાન રહેવાની જરૂર છે.જેને બહુ માન મળે તેનામાં અભિમાન આવે છે. ગોપીઓને અભિમાન થયુંકે શ્રીકૃષ્ણ ભગવાને અમારો ત્યાગ જોઈ અમને માન આપ્યું અને અમને અપનાવી. ગોપીઓને લાગ્યું કે, ભગવાન ઉપર ઉપરથી ના પાડતા હતા. બાકી અમારા સ્વરૂપમાં તે આસક્ત છે. ગોપીઓમાં આવો લૌકિક ભાવ જાગ્યો,આવું અભિમાન થયું તે સમયે પરમાત્મા ત્યાંથી અંતર્ધ્યાન થઈ જાય છે.

ગોપીઓનું આ અભિમાન દૂર કરવા શ્રીકૃષ્ણ ત્યાંથી અદૃશ્ય થયા. ભગવાન તો વ્યાપક છે, સર્વત્ર છે, તે અંતર્ધ્યાન થઈ શકે નહીં. અંતર્ધ્યાન થયા એનો અર્થ એટલો જ છેકે અભિમાનરૂપી પડદોઆંખ ઉપર આવ્યો એટલે ભગવાન દેખાતા નથી.ગોપીને એટલે જીવને અભિમાન થયું તેથી સખીઓને શ્રીકૃષ્ણ દેખાતા નથી. ભગવાને તે સમયે પીતાંબરથી લાજ કાઢી છે. ગોપીઓ માને છે કે આ તો અમારામાંની એક છે, એટલે ઓળખી શકાતી નથી. શ્રીકૃષ્ણ પરમાત્મા તો વ્યાપક છે. ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, પણ એમને અંદર શોધવાના છે.ભગવાનને હૃદયમાં જ શોધવા ના છે,પણ અજ્ઞાનને લીધે એ સૂઝતું નથી. દશ પંડિતો વિદ્યાભ્યાસ કરવા ગયેલા. રસ્તામાં એક નદી આવી, નદી ઓળંગીને બધા સામે પાર આવ્યા.ત્યાં તેઓને લાગ્યું કે, આપણામાંનો કોઈ રહી ગયો તો નથી ને? એટલે તેઓએ ગણતરી શરૂ કરી. એક પછી એક પંડિત સંખ્યા ગણે. પણ પોતાને તેમાં ગણે નહીં, એટલે સંખ્યા દશને બદલે નવ થયા.હાય, હાય દશમો ગયો કયાં? નક્કી નદીમાં તણાઈ ગયો. એમ માની પંડિતો રડવા લાગ્યા.એક મહાત્મા ત્યાંથી પસાર થયા.પંડિતોને રડવાનું કારણપૂછયું પંડિતોએ પોતાની મૂંઝવણ રજૂ કરી.મહાત્માએ એમનો ભ્રમ ભાંગ્યો.

અજ્ઞાનને લીધે જીવ પોતાને ગણતો નથી. જ્ઞાનીએ પૂરાં દશ ગણી બતાવ્યા. સંખ્યા પૂરી દશ તો હતી જ, પણ અજ્ઞાનને લીધે દશ દેખાતા ન હતા. એટલે કે અજ્ઞાનને લીધે જ દેખાતું નથી તે જ્ઞાનથી દેખાવા લાગે છે. આ પ્રસંગ સૂચવે છે, કે પરમાત્મા નો સાક્ષાત્કાર થયા પછી પણ સાવધ રહેજો.ઘણી વખત જ્ઞાની ઓ પણ સાક્ષાત્કાર પછી ભાન ભલ્યા છે. કારણ સિદ્ધિઓ મળે એટલે પ્રતિષ્ઠા વધે એટલે મનુષ્ય સાધન છોડે છે. સાધન છોડે છેને ઈશ્વરથી વિમુખ થાય છે. પરમાત્માની અનુભૂતિ થયા પછી પણ માનવ સાધન છોડે તો તે પડે છે. પુંડલિકની માતા પિતા પ્રત્યેની ભક્તિ જોઈ, દ્વારિકાનાથને પણ તેનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. દ્વારિકાનાથ દ્વારિકાથી પંઢરપુર આવ્યા. માતાપિતા કુષ્ઠરોગથી પિડાતા હતા, તો પણ પુંડલિક તેઓની સેવા કરે છે. કોઈ વખત માતાપિતા સ્વભાવને કારણે ગુસ્સો કરે છે છતાં પણ પુંડલિક નમ્રતાથી સેવા કરે છે. ભગવાન પુંડલિકની ઝૂંપડીના દ્વાર પાસે આવી ઊભા. ભગવાન કહે, પુંડલિક, હું તને દર્શન આપવા આવ્યા છું. તારી માતાપિતાની સેવાથી હું પ્રસન્ન થયો છું. ત્યારે પુંડલિક ભગવાનને મળવા દોડી જવાને બદલે ભગવાનને કહે છે,હું મારાં માતા પિતાની સેવામાં રોકાયેલો છું, અને ઝૂંપડીમાંજગ્યાનથી,આપબહારઊભારહો?મારાં માતાપિતાની સેવાથી પરવારી હું બહાર આવું છું. પુંડલિકે વિચાર કર્યો કે, મને ભગવાન મળ્યા તે માતાપિતાની સેવાથી મળ્યા. એટલે શ્રેષ્ઠ કોણ? માતાપિતા કે ભગવાન? એણે તરત નિર્ણય કરી લીધો,ને માતા પિતાની સેવાને જ વળગી રહ્યો. પુંડલિકનું કહેવું એ જ છે કે સાધન હાથમાં છે તો સાધ્ય કયાં જવાનું છે? માટે સુખ-સંપત્તિ મળે તો પણ ભગવાનનું ભજન છોડશો નહીં. ભક્ત ભગવાનને કહી શકે છે, બહાર ઊભા રહો. ભગવાનને ઊભા રહેવા પુંડલિકે એક ઈંટ ફેંકી. બહાર ભગવાન ઈંટ ઉપર ઊભા રહ્યા. પુંડલિકને આવતાં સમય થયો, ભગવાન થાક્યા એટલે કેડ ઉપર હાથ રાખ્યા.તે સૂચવે છે કે કેડપૂર જળ માં કોઈ ડૂબે નહીં, જે મારાં ચરણ નો આશ્રય કરે તેને માટે સંસાર આટલો જ ઊંડો છે.કેડ સમાણો! બાકી તો ઘણા આ સંસાર-સાગરમાં ડૂબી ગયા છે. તેઓનો પત્તો પણ નથી.

પુંડલિક માતાપિતાની સેવા કરીને પછી બહાર આવે છે. પુંડલિકને પ્રત્યક્ષ પરમાત્મા મળ્યા, તો પણ માતાપિતાની સેવા છોડીને ભગવાનને મળવા ગયા નથી એટલે કે એણે સાધન છોડયું નથી. સાધન છૂટશે તો ભગવાન અંત ર્ધ્યાન થશે,અદૃશ્ય થશે.પુંડલિકની જેમ સાધ્ય મળે, તો પણ સાધન છોડશો નહીં.રાસમાં ગોપીઓને અભિમાન થયું તેથી ભગવાન અદૃશ્ય થયા. અભિમાન પ્રભુ આડે પડદો ઊભો કરે છે. અભિમાન જાગે ત્યારે જ સાધન માં ઉપેક્ષા જાગે છે, ને પછી પતન થાય છે.

ભગવાન ત્યાં જ હતા પણ ગોપી ઓને દેખાતા નથી. અંતર્ધ્યાન થયા એટલે શ્રીકૃષ્ણે ગોપીઓના હૃદય માં પ્રવેશ કર્યો પણ હૃદયમાં શોધવાને બદલે શ્રીકૃષ્ણને બહાર શોધવા લાગી એટલે શ્રીકૃષ્ણ ન દેખાયા. ઈશ્વર સર્વના હૃદયમાં છે, છતાં તે દેખાતા નથી.જીવ ભગવાન સન્મુખ ન આવે ત્યાં સુધી ભગવાન તેની સુધ લેતા નથી. ભગવાન કહે છે,હું તો જીવ ને અપનાવવા તૈયાર છું,પણ તે મારી સન્મુખ, મારી પાસે આવે ત્યારે હું તેને અપનાવું ને!ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, અંદર શોધતી નથી તેમ જીવ પણ આનંદ બહાર શોધે છે, અંદર નહીં. એટલે એને આનંદ મળતો નથી. તમારો આનંદ બીજી ચીજ પર આધારિત ન હોવો જોઈએ.સ્ત્રીથી, કપડાંથી, ધનથી આનંદ મળે તો તેના વિયોગ થી તમને દુઃખ થશે.તમારો આનંદ કોઈને આધીન હશે,તો તે દુઃખ આપશે જ.માટે દુઃખી ન થવું હોય તો અંતર્મુખદૃષ્ટિ કરી પરમાત્માને હૃદયમાં નિહાળો ફક્ત એક ભગવાન આનંદરૂપ છે. બાકી આ જગત તો દુઃખરૂપ છે, ને અનિત્ય છે.

# કેન્સર સામેની જંગ હાર્યા દિગ્ગજ સિનિયર અભિનેતા જુનિયર મહેમૂદ



**જુનિયર મહેમૂદ છેલ્લા કેટલાક દિવસોથી લાઈફ સપોર્ટ પર હતા, જુનિયર મહેમૂદ લાંબા સમયથી કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા**

। મુંબઈ, તા.૮ ।

આખરે લાંબી માંદગી બાદ દિગ્ગજ સિનિયર અભિનેતા જુનિયર મહેમૂદે ૬૭ વર્ષની ઉંમરે દુનિયાને અલવિદા કહી દીધું. 'હાથી મેરે સાથી, કારવાં અને મેરા નામ જોકર' સહિત ઘણી લોકપ્રિય ફિલ્મોમાં કામ કરનાર આ અભિનેતા હવે આપણી વચ્ચે નથી રહ્યા. દરેક વ્યક્તિ છેલ્લા કેટલાક સમયથી તેમની તંદુરસ્તી માટે પ્રાર્થના કરી રહી હતી પરંતુ તેઓ કેન્સર સામે વધુ લડી શક્યા ન હતા. અહેવાલો અનુસાર, તેમણે ગયા ગુરુવારે રાત્રે અંતિમ શ્વાસ લીધા હતા. જુનિયર મહેમૂદના મિત્ર સલામ કાઝીએ તેના મૃત્યુની પુષ્ટિ કરી છે. અગાઉ માંદગીનાં બિછાને તેઓ જીવન મરણ વચ્ચે જંગ લડી રહ્યા હોવાનાં સમાચાર સામે આવ્યા હતા. જુનિયર મહેમૂદ છેલ્લા કેટલાક દિવસોથી લાઈફ સપોર્ટ પર હતા. જુનિયર મહેમૂદ લાંબા સમયથી કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા. તાજેતરમાં તેણે તેના મિત્રો જિતેન્દ્ર અને સચિન પિલગાંવકરને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમની ઈચ્છા પર બંને કલાકારો તેમને મળવા ખાસ પહોંચ્યા હતા. જુનિયર મહેમૂદની હાલત જોઈને જિતેન્દ્રની આંખો ભીની થઈ ગઈ. જુનિયર મહેમૂદના મિત્ર સલામ કાઝીએ જુનિયર મેહમૂદના નિધનની પુષ્ટિ કરી છે. મિત્ર સલામ કાઝીના જણાવ્યા અનુસાર, મહેમૂદને ફેફસાં અને લીવરમાં કેન્સર હતું. આ ઉપરાંત આંતરડામાં ગાંઠ પણ મળી આવી હતી.

## દુનિયાભરમાં મચાવી હતી ધૂમ

# તિજોરીઓ ભરીને કરી કમાણી, ૫ કરોડમાં બનેલી રાજ કપૂરની ફિલ્મે



। મુંબઈ, તા.૮ ।

ભારતીય સિનેમાએ ૧૯૫૦ના દાયકાથી ઘણી વિદેશી સફળતાઓ જોઈ, પરંતુ તેમાંથી કોઈ પણ ૧૦૦ કરોડ રૂપિયાના આંકની નજીક નહોતું આવ્યું. રાજ કપૂરની ફિલ્મો સોવિયત યુનિયનમાં ભારે સફળ રહી હતી, પરંતુ વિદેશમાં તેમની કમાણી ૧૪-૨૫ કરોડ રૂપિયાની વચ્ચે હતી. પરંતુ નાના બજેટની આ ફિલ્મે આ આંકડો વટાવવાની સિદ્ધિ હાંસલ કરી હતી. છેલ્લા કેટલાક વર્ષોમાં વિદેશમાં ભારતીય ફિલ્મોનું કલેક્શન આકાશને આંબી રહ્યું છે. તેનું મુખ્ય કારણ ચીન જેવા નવા બજારોમાં ભારતીય રિલીઝનો ફેલાવો તેમજ ઉત્તર અમેરિકા, મધ્ય પૂર્વ અને દક્ષિણ પૂર્વ એશિયા જેવા જૂના બજારોમાં અભિનેત્રીનો વધતો ક્રેઝ છે. જો કે, તે ઘણા લોકો માટે આશ્ચર્યજનક હોઈ શકે છે કે નાના બજેટની ફિલ્મે ૨ દાયકા પહેલા વિદેશી બજારમાં રેકોર્ડ તોડ્યો હતો. ભારતીય સિનેમા ૧૯૫૦ થી વિદેશમાં સફળતાનો સ્વાદ ચાખી રહ્યું છે.

૧૯૮૦ના દાયકામાં, મિથુન ચક્રવર્તીની 'ડિસ્કો ડાન્સર' વિદેશમાં રૂ. ૯૪ કરોડની કમાણી કરવાની નજીક આવી, પરંતુ રૂ. ૧૦૦ કરોડની કમાણી કરવાનું ચૂકી ગઈ. આવું ૨૦૦૧માં થયું હતું, જ્યારે મીરા નાયરે તેની ફિલ્મ 'મોનસૂન વેડિંગ' થી તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા. માત્ર ૫ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મમાં કોઈ મોટા નામ નહોતા. આ ફિલ્મ વિદેશમાં ભારે હિટ રહી હતી અને તેણે $૨૨.૪૫ મિલિયન (રૂ. ૧૧૦ કરોડ)ની કમાણી કરી હતી. તેણે માત્ર રૂ. ૧૦૦ કરોડનો આંકડો પાર કર્યો.

# તૃપ્તિ ડિમરીના કામના લોકો ખૂબ જ વખાણ કરી રહ્યાં છે



। મુંબઈ, તા.૮ ।

એનિમલ રણબીર કપૂરના કરિયરની સૌથી સફળ ફિલ્મોની લિસ્ટમાં સામેલ થઈ ગઈ છે. ફિલ્મને છ સર્ટિફિકેટ મળ્યા બાદ પણ ફિલ્મ દરરોજ કમાણીના નવા રેકોર્ડ બનાવી રહી છે. 'એનિમલ'માં રણબીરનો એક્શન અવતાર લોકોને પસંદ આવી રહ્યો છે. ૧૦૦ કરોડની આ ફિલ્મે માત્ર ૬ દિવસમાં જ વર્લ્ડવાઈડ ૫૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. માત્ર ભારતની વાત કરીએ તો આ ફિલ્મે અત્યાર સુધીમાં ૩૧૨ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. આ ફિલ્મ માત્ર તેના એક્શનને કારણે જ નહીં પરંતુ તેના ઈન્ટિમેટ સીન્સને કારણે પણ ચર્ચામાં છે. લોકો ભાભી ૨ એટલે કે ફિલ્મ 'એનિમલ'ની તૃપ્તિ ડિમરીના કામની પ્રશંસા કરી રહ્યા છે. આ સીન તૃપ્તિ ડિમરી અને રણબીર કપૂર વચ્ચે શૂટ કરવામાં આવ્યો હતો. લોકો તેમની જોડીને પણ ખૂબ પસંદ કરી રહ્યા છે. હવે એક્ટ્રેસે પોતે આ સીન પર પોતાનું મૌન તોડ્યું છે અને રણબીર કપૂર સાથે આ સીન કરવાનો પોતાનો એક્સપિરિયન્સ શેર કર્યો છે. સંદીપ રેડ્ડી વાંગાની 'એનિમલ' બોક્સ ઓફિસ પર તમામ રેકોર્ડ તોડી રહી છે. આગામી બે અઠવાડિયામાં આ ફિલ્મ ૯૦૦ કરોડના આંકડાને પાર કરવાની નજીક છે. આ ફિલ્મમાં રણબીર કપૂર, રશ્મિકા મંદન્ના, અનિલ કપૂર, બોબી દેઓલ અને તૃપ્તિ ડિમરી મહત્વની ભૂમિકામાં છે. ફિલ્મને મળેલા અપાર પ્રેમ અને પ્રશંસા વચ્ચે, રણબીર સાથે તૃપ્તિ ડિમરીના ઈન્ટીમેટ સીન વાયરલ થયા અને લોકોમાં ચર્ચાઓ શરૂ થઈ. તૃપ્તિએ આ ફિલ્મમાં ઝોયાનો રોલ કર્યો હતો અને તેની એક્ટિંગને ક્રિટિક્સ અને દર્શકોએ ખૂબ વખાણી છે. હાલમાં જ એફએમ કેનેડા સાથેની વાતચીત દરમિયાન તેણે રણબીર કપૂરના ખૂબ વખાણ કર્યા હતા. તેણે કહ્યું કે તે ખૂબ જ ટેલેન્ટેડ છે. તેની પાસે આ ખાસ ભેટ છે. દરેક વ્યક્તિ એટલી ટેલેન્ટેડ નથી હોતી. રણબીર પણ પોતાના કામ પ્રત્યે ખૂબ જ ઈમાનદાર છે. જ્યારે એક્ટ્રેસને પૂછવામાં આવ્યું કે શું તે ભવિષ્યમાં પણ રણબીર કપૂર સાથે કામ કરવા ઈચ્છશે? તો તેના જવાબમાં તૃપ્તિએ કહ્યું, 'કઈ એક્ટ્રેસ રણબીર કપૂર સાથે કામ કરવા અને તેની પાસેથી શીખવા માંગતી નથી?

# બિગ બોસના ફેમસ કપલ્સ જેમનું શો બાદ થઈ ગયુ બ્રેકઅપ


। મુંબઈ, તા.૮ ।

બિગ બોસ દરેક સીઝન આપણા માટે ઘણું મનોરંજન લઈને આવે છે બિગ બોસના તે જ ઘરમાં આપડે ઘણી લવ સ્ટોરી બનતા જોઈ છે. ઘરની અંદર ચાલી રહેલા તમામ ડ્રામા વચ્ચે, તે પ્રેમ કથાઓ છે જે આપણને રોમાંસનો થોડો ડોઝ આપે છે. એવી ઘણી હસ્તીઓ છે જેઓ બિગ બોસના ઘરમાં એકલા પ્રવેશ્યા હતા પરંતુ તેમના પાર્ટનર સાથે બહાર આવ્યા હતા પણ એ જ લોકો થોડા સમય સાથે રહ્યા અને પછી કોઈ કારણોથી છુટા પડી ગયા કે બ્રેકઅપ થઈ ગયુ. કરિશ્મા તન્ના અને ઉપેન પટેલઃ બિગ બોસના ઘરની અંદર કરિશ્મા અને ઉપેન વચ્ચે ખીલતો પ્રેમ જોયો, ત્યારે અમે બધાએ વિચાર્યું કે બિગ બોસના ઘરની અંદર હેડલાઈન્સ બનાવવી તે એક ગેમ હોઈ શકે છે. જોકે, શો પૂરો થયા પછી પણ કપલ સાથે જ હતુ. આ કપલ ફરી 'નચ બલિયે' શોમાં પણ સાથે જોવા મળ્યું. એમટીવીની 'લવ સ્કૂલ'ને જજ કરતી વખતે પણ તેઓ સાથે જોવા મળ્યા હતા પણ થોડા સમય બાદ બધી સારી બાબતોનો અંત આવી ગયો, કરિશ્મા અને ઉપેન અલગ થઈ ગયા. બિગ બોસના ઘરમાં તનિષા અને અરમાન નજીક આવવાને લઈને ઘણી ચર્ચા થઈ હતી. બંને બિગ બોસના ઘરની અંદર ખૂબ જ નજીક જોવા મળ્યા હતા અને એવી અફવાઓ હતી કે શોમાંથી બહાર નીકળ્યા પછી બંને જલ્દી લગ્ન કરી લેશે. જો કે, શોમાંથી બહાર



આવ્યા પછી, બંનેએ બ્રેકઅપ કર્યું અને શેર કર્યું કે તેઓ ફક્ત બે અલગ અલગ લોકો છે અને તેઓ સાથે રહેવા માટે નથી. બિગ બોસના સૌથી લોકપ્રિય કપલમાંથી એક કુશાલ અને ગૌહર બિગ બોસના ઘરની અંદર એકબીજાના પ્રેમમાં પડ્યા હતા. તેઓ ઘરની અંદર એકબીજાને સપોર્ટ કરતા જોવા મળ્યા હતા અને ગૌહર પણ શો જીતી ગઈ હતી. બંને એક મજબૂત દંપતી તરીકે ઉભરી આવ્યા હતા પરંતુ થોડા મહિનાઓ પછી તૂટી પડ્યા હતા. કુશલે પોતાના ટ્વિટર હેન્ડલ પર બ્રેકઅપની જાહેરાત પણ કરી હતી. બિગ બોસના ઘરમાં ડિઆન્ડ્રા અને ગૌતમની કેમેસ્ટ્રી ખૂબ જ સારી હતી. બંને ખૂબ જ નજીક બની ગયા હતા. જ્યારે બધા માનતા હતા કે આ જોડી એકબીજાના પ્રેમમાં પડી ગઈ છે, ત્યારે ગૌતમે એમ કહીને બધી અપેક્ષાઓ પર પાણી ફેરવી દીધું કે તે અને ડિઆન્ડ્રા શોમાં ફક્ત મિત્ર હતી. નિઃશંકપણે, વીણા અને અશ્મિત બિગ બોસના ઘરમાં સૌથી હોટ કપલ્સમાંથી એક હતા. ભારતીય ટેલિવિઝન પરના તેમના પીડીએએ શોને ઈંમાં ટોચ પર રાખવામાં મદદ કરી. જ્યારે ઘણા લોકો માનતા હતા કે બિગ બોસના ઘરની અંદર રહેવાની તેમની વ્યૂહરચના છે, ઘણા લોકો હજુ પણ માનતા હતા કે તેઓ ખૂબ જ પ્રેમમાં છે. શો પછી બંને થોડો સમય સાથે રહ્યા પણ પછી આખરે અલગ થઈ ગયા. બંદગી કાલરાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જાહેરાત કરી છે કે તેણે અને પુનીશે પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય કર્યો છે.

# પહેલી જ ફિલ્મમાં અગસ્ત્ય નંદા સાથે સુહાના ખાને કર્યું લિપ-લોક




। મુંબઈ, તા.૮ ।

ઝોયા અખ્તરની ફિલ્મ ધ આર્ચીઝ આજે એટલે કે ૭મી ડિસેમ્બરે OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર આવી ગઈ છે. ફિલ્મને દર્શકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મો દ્વારા અભિનયની દુનિયામાં પ્રવેશ કરનાર શાહરૂખ ખાનની લાડકી પુત્રી સુહાના ખાનના પણ ખૂબ વખાણ થઈ રહ્યા છે. આ દરમિયાન ફિલ્મના સુહાનાના કેટલાક સીન પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. માત્ર સુહાના ખાન જ નહીં પરંતુ અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદા અને દિવંગત અભિનેત્રી શ્રીદેવીની નાની પુત્રી ખુશી કપૂરે પણ 'ધ આર્ચીઝ'થી પોતાના અભિનયની શરૂઆત કરી છે. ફિલ્મમાં ત્રણેયની દોષરહિત શૈલી જોવા મળી હતી. જે દર્શકોને પણ ખૂબ પસંદ આવી રહી છે. પહેલી જ ફિલ્મમાં શાહરૂખ ખાનની પ્રિય સુહાના અગસ્ત્ય નંદા સાથે લિપ-લોક કરતી જોવા મળી હતી. ફિલ્મમાં બંનેની રોમેન્ટિક કેમેસ્ટ્રી જોવા મળી રહી છે. આ સિવાય ખુશી કપૂરે પણ પહેલી જ ફિલ્મથી સિનેમા પર પોતાનું વર્ચસ્વ જમાવવાનું શરૂ કરી દીધું છે. આ ફિલ્મમાં તેણે અગસ્ત્ય નંદાની બેસ્ટીની ભૂમિકા ભજવી હતી. જે તેણીને પણ પસંદ છે. ફિલ્મમાં તમને માત્ર સુહાના જ નહીં પરંતુ ખુશી કપૂર સાથે અગસ્ત્ય નંદાના કિસિંગ સીન્સ પણ જોવા મળશે. આ દ્રશ્યની કેટલીક તસવીરો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. તમને જણાવી દઈએ કે આ ફિલ્મમાં સ્ટાર કિડ્સ સુહાના ખાન સિવાય અગસ્ત્ય નંદા, ખુશી કપૂર, અદિતિ સહગલ, યુવરાજ મેંડા, મિહિર આહુજા અને વેદાંગ રૈનાએ પણ ડેબ્યુ કર્યું છે. ફિલ્મના પ્રીમિયરમાં અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન, રણવીર સિંહ, ઐશ્વર્યા રાય જેવી ઘણી મોટી હસ્તીઓ તેને જોવા માટે આવી હતી.

# અમિતાભની ફિલ્મ રિજેક્ટ કરવાનો આજે પણ ડિમ્પલ કાપડિયાને અફસોસ

। મુંબઈ, તા.૮ ।

ફિલ્મી દુનિયાની એ અભિનેત્રી જેણે તેની કારકિર્દીની શરૂઆતમાં જ તેની બ્લોકબસ્ટર ફિલ્મથી ધૂમ મચાવી દીધી હતી. તેણે ડેબ્યુ કરતાની સાથે જ અભિનેત્રીએ ગ્લેમરનો એવો તડકો લગાવ્યો કે રાતોરાત સ્ટાર બની ગઈ હતી. પરંતુ, કરિયરમાં અમિતાભ જેવા સ્ટારની એક ફિલ્મને ના કહેવાનો તેને આજે પણ પછતાવો છે. ૬૬ની ઉંમરમાં પણ તે એક્ટ્રેસ એક બાદ એક હિટ આપતી જઈ રહી છે. ૭૦-૮૦ના દાયકામાં પડદા પર રાજ કરનારી તે સુંદર બોલિવૂડ એક્ટ્રેસ ડિમ્પલ કાપડિયા છે. અભિનેત્રીએ માત્ર ૧૬ વર્ષની ઉંમરે રાજ કપૂર દ્વારા નિર્દેશિત ફિલ્મ 'બોબી'થી તેની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેની કારકિર્દીની પહેલી ફિલ્મમાં ડિમ્પલે ઋષિ કપૂરની સામે એવો રોલ કર્યો કે લોકો તેના દિવાના થઈ ગયા. ફિલ્મમાં ડિમ્પલનો લુક એ જમાના પ્રમાણે એકદમ ગ્લેમરસ હતો. પોતાની પહેલી જ ફિલ્મથી બોક્સ ઓફિસ પર ધૂમ મચાવનાર આ એક્ટ્રેસે પોતાના કરિયરમાં ઘણી એવી ફિલ્મો કરી જે સુપરહિટ સાબિત થઈ. પોતાની કારકિર્દીની શરૂઆતમાં જ રાતોરાત સ્ટાર બની ગયેલી ડિમ્પલને તેના શાનદાર અભિનય માટે ફિલ્મફેર બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ પણ મળી



ચુક્યો છે. તેણે જેકી શ્રોફ સાથે સુભાષ ઘઈની ફિલ્મ રામ લખનમાં પણ કામ કર્યું હતું. તેણે તેના દરેક પાત્ર અને ફિલ્મ માટે ઘણી વાહવાહીઓ લૂંટી હતી. પરંતુ, વર્ષ ૧૯૮૫માં તેણે જીતેન્દ્રની એક ફિલ્મ માટે અમિતાભ બચ્ચનની ફિલ્મને રિજેક્ટ કરી દીધી હતી. હકીકતમાં, વર્ષ ૧૯૮૫માં મનમોહન દેસાઈ એક ફિલ્મ લઈને આવ્યા હતાં જેનું નામ હતું મર્દ. આ ફિલ્મમાં તેણે અમિતાભ બચ્ચનને કાસ્ટ કરવા માટે મન બનાવી રાખ્યુ હતું કે ડિમ્પલ કાપડિયાને કાસ્ટ કરીશું. તે દરમિયાનમાં ડિમ્પલનો જલવો પણ ઓછો નથી. પરંતુ, ડિમ્પલ તે સમયે જીતેન્દ્રની ફિલ્મ પાતાલ ભૈરવીના એક સોન્ગ માટે કામ કરી રહી હતી અને ફીના કારણે તેણે આ ફિલ્મને રિજેક્ટ કરી દીધી હતી. વર્ષો પછી પણ, ડિમ્પલ કાપડિયા પોતે આ ફિલ્મને રિજેક્ટ બદલ અફસોસ કરે છે.

# નેહા મલિક દુબઈમાં મજા માણી રહી છે



। મુંબઈ, તા.૮ ।

ભોજપુરી સિનેમામાં ગ્લેમરની કોઈ કમી નથી. નેહા મલિક ગ્લેમરનું બીજું નામ છે. હા, નેહા મલિક ભોજપુરી ઈન્ડસ્ટ્રી પર હાલના સમયમાં રાજ કરે છે. પોતાની પ્રોફેશનલ લાઈફની સાથે સાથે તે પોતાની પર્સનલ લાઈફમાં પણ ઘણી બોલ્ડ છે. નેહા મલિકે તાજેતરમાં તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેની તસવીરો શેર કરી છે. તમે તેની તસવીરો પરથી તેની સુંદરતાની સ્પષ્ટ દેખાઈ રહી છે. નેહાની આ તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. તમને જણાવી દઈએ કે તેના ફેન્સ તેની દરેક પોસ્ટની રાહ જોતા હોય છે. કદાચ આ જ કારણ છે કે નેહા તેના ફેવરિટ ફેન્સ માટે આ તસવીરો શેર કરે છે. લેટેસ્ટ ફોટોઝમાં નેહા મલિકે ફરી એકવાર વેસ્ટર્ન આઉટફિટ પહેર્યું છે.

# રણવીર સિંહે સેમ બહાદુર અને એનિમલ ફિલ્મ ક્રિકેટ ફિલ્મ માટે ઠુકરાવી હતી



૧ ડિસેમ્બરે સિનેમાઘરોમાં બે હિન્દી ફિલ્મો રિલીઝ થઈ અને બંને જ ફિલ્મી લવર્સ પસંદ કરી રહ્યાં છે. જ્યાં એક તરફ સંદીપ રેડ્ડી વાંગાની એનિમલે બોક્સ ઓફિસના લગભગ તમામ રેકોર્ડ તોડીને છ જ દિવસમાં દેશમાં ૩૦૦ કરોડ તો વર્લ્ડ વાઈડ ૫૦૦ કરોડથી વધુનું કલેક્શન કરીને ઈતિહાસ રચી દીધો છે. તેવામાં બીજી બાજુ મેઘના ગુલઝારની સેમ બહાદુરનો એટલો જાદુ નથી ચાલ્યો. પરંતુ આ નાનકડી ફિલ્મે ૬ દિવસમાં ભારતમાં ૩૨ કરોડ જ્યારે વર્લ્ડ વાઈડ ૪૫ કરોડનું કલેક્શન કર્યુ છે. બંને ફિલ્મોમાં લીડ એક્ટર રણબીર કપૂર અને વિક્કી કૌશલની એક્ટિંગના ભરપૂર વખાણ થઈ રહ્યાં છે. તેમ છતાં જો કિસ્મતને મંજૂર હોત તો અન્ય કોઈ એક્ટર પણ તેમના રોલ સારી રીતે કરી શક્યાં હોત. અહીં અમે તમને એક એવા એક્ટર વિશે જણાવી રહ્યાં છીએ જેને સંદીપ રેડ્ડી વાંગાની એનિમલ અને મેઘના ગુલઝારની સેમ બહાદુર ઓફર થઈ હતી પરંતુ તેણે આ ફિલ્મો કરવાથી ઈનકાર કરી દીધો હતો. સેમ બહાદુરમાં ફીલ્ડ માર્શલ સેમ માનેકશૉની ભૂમિકા માટે મેઘનાએ વિક્કીને ઓફર કરતાં પહેલા તેણે આ ભૂમિકા માટે રણવીર સિંહ પર વિચાર કર્યો હતો પરંતુ તેણે આ ફિલ્મ સ્વીકારી ન હતી. આ ઉપરાંત, તેની પાસે એનિમલની ઓફર આવી પરંતુ તેણે તે પણ સાઈન ન કરી. ખરેખર, જ્યારે પદ્માવત સ્ટારને એનિમલ ઓફર થઈ હતી, ત્યારે રણવીર ક્રિકેટ વર્લ્ડ કપ બેઝ્ડ ફિલ્મ '૮૩'માં બિઝી હતો, તેથી તેણે આ ફિલ્મ સ્વીકાર ન કરી અને ઈચ્છવા ન છતાં આ ફિલ્મને રિજેક્ટ કરવી પડી. તેવામાં જ્યારે સેમ બહાદુર મળી તો રણવીરે કરણ જોહરની ફિલ્મ 'તખ્ત' માટે ડેટ્સ આપી હતી. તેને લાગ્યું કે તેની પાસે સેમ બહાદુર કરવા માટે સમય નહીં હોય. જ્યારે તખ્ત ડબ્બાબંધ થઈ ગઈ અને તેના પર કામ રોકવામાં આવ્યું છે. તેવામાં બંને જ સારી ફિલ્મો રણવીર સિંહના હાથમાંથી નીકળી ગઈ. એવા પણ રિપોર્ટ્સ આવ્યાં છે કે, સંદીપ રેડ્ડી વાંગાએ એનિમલમાં મુખ્ય ભૂમિકા માટે રણવીરનો સંપર્ક કર્યો હતો, તેણે ચાર વર્ષ પહેલા પોતાની બોલિવૂડ ડેબ્યૂ કબીર સિંહ માટે પણ તેની સાથે વાત કરી હતી.

# ડાંગ જિલ્લા કલેક્ટર મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને તમાકુ નિયંત્રણ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઇ

**ડાંગ જિલ્લામા કલેક્ટર મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને તમાકુ નિયંત્રણ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઇ હતી**



। ડાંગ, તા.૮ ।

જેમા તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંગે ધુમ્રપાન નિષેધ નિયમભંગ COTPA- 2003 અધિનિયમ અન્વયે તમાકુ નિયંત્રણ ભંગ બદલ કરેલ કેસોની ચર્ચા કરવામા આવી હતી. આ બેઠકમા કલેક્ટર શ્રી મહેશ પટેલે ડાંગ જિલ્લામા COTPA - 2003 અધિનિયમ અંતર્ગત તમાકુ નિયંત્રણ માટે સંબધિત અધિકારી/કર્મચારીઓને કાયદાનુ ચુસ્તપણે પાલન કરવા માટે સુચન કર્યુ હતુ. તેમજ તમામ સરકારી કચેરીઓમા ધુમ્રપાન નિષેધના સુચક પોસ્ટર લગાવવા સુચન કર્યુ હતુ. સાથે જ કલમ-૬ (બ) શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ વારની ત્રિજ્યામા તમાકુનુ વેચાણ ન થાય, જેથી ટોબેકો ફ્રી સ્કુલ કરી શકાય તે અંગે ચર્ચા કરી હતી.

તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંગે ધુમ્રપાન નિષેધ નિયમભંગ COTPA-2003 અધિનિયમ અન્વયે તમાકુ નિયંત્રણ ભંગ બદલ જિલ્લામા કુલ ૨૨૧ કેસો કરવામા આવ્યા છે. જેમા કલમ-૪ મુજબ ૧૩૭ કલમ-૫ મુજબ ૧૩ કેસો તેમજ કલમ-૬ મુજબ ૭૧ કેસો કરી રૂપિયા ૪૨૨૦૦ની વસુલાત કરવામા આવી હતી. તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન જિલ્લાની કુલ ૪૫૩ શાળામાઓ માથી ૨૭૨ શાળાઓને આવરી લઈ કુલ ૩૯૯૦૨ વિધ્યાર્થીઓ માટે તમાકુ નિષેધ અંગે જાગૃતિ કાર્યક્રમો કરવામા આવ્યા છે.

ભારતીય સંસદે સખત તમાકુ નિયંત્રણ ધારો, ૧૮ મી મે ૨૦૦૩ના રોજ પસાર કર્યો, અને ૧ લી મે, ૨૦૦૪ થી અમલમા આવ્યો. સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદન એક્ટ–૨૦૦૩ COTPA–2003 ઓળખાય છે. જેમા કલમ–૪ જાહેર સ્થળે ધુમ્રપાન કરવા અંગે પ્રતિબંધ, કલમ-૫ સિગારેટ અને તમાકુની અન્ય બનાવટોની જાહેરાત આપવા પર પ્રતિબંધ, કલમ–૬ (અ) સગીર વયની વ્યક્તીને તેમજ (બ) શૈક્ષણિક સંસ્થાઓની વેચાણ કરવા પર પ્રતિબંધ, કલમ–૭, ૮ અને ૯ નિદિષ્ટ આરોગ્ય વિષયક ચેતવણી વિના સિગારેટ અને તમાકુની અન્ય બનાવટોનુ વેચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. આ કાયદાના ભંગ બદલ અલગ અલગ દંડ/સજાની જોગવાઈઓ કરવામા આવેલ છે.

# નર્મદા જિલ્લામાં કુદરતી આફતો સર્જાતી હોવાના પૂર્વ તૈયારીના ભાગરૂપે ભવિષ્યની આફત સામે સજ્જ થવા સરકારશ્રીએ કટિબધ્ધતા વ્યક્ત કરી છે

। નર્મદા, તા.૮ ।



નર્મદા જિલ્લા કલેકટર શ્રીમતી શ્વેતા તેવતિયાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પૂર, ધરતીકંપ જેવી કુદરતી આફતો સર્જાતી હોવાના પૂર્વ તૈયારીના ભાગરૂપે આપદામિત્ર અને ઈમરજન્સીમાં કાર્ય કરતા તમામ પ્રકારના સ્ટાફને તાલીમ આપવી, બચાવ સાધનોથી સજ્જ રહેવુ અને લોકજાગૃતિના કાર્યક્રમો દ્વારા ભવિષ્યની આફતી સામે સજ્જ થવા સરકારશ્રીએ કટિબધ્ધતા વ્યક્ત કરી છે. આ કાર્ય અર્થે સરકારશ્રી (ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર) દ્વારા નર્મદા જિલ્લાને બોટ સહિત ૩૦ પ્રકારના આફત સમયે શોધ અને બચાવ કાર્ય માટે સાધનોની ફાળવણી કરવામાં આવી છે. ઉપરાંત આવનારા સમયમાં આફતી પછીના બચાવ કાર્યો સાથે આફતની પૂર્વ તૈયારી અને માનવબળને વધુ તાલિમબધ્ધ કરવાનું પણ આયોજન કરવામાં આવનાર છે.



ભરતભાઈ એ. પંડ્યા દિવડા કોલોની, તા.૮

આઈ હરસિદ્ધિ વિદ્યાલય નાની ખરસોલી શાળામાં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ. કડાણા તાલુકાની આઈ હરસિદ્ધિ વિદ્યાલય નાની ખરસોળી મુકામે સેવા સમિતિ અંતર્ગત શિબિર યોજાઇ ડૉ.શ્રી હરીશભાઈ એ. જોશીએ નેશનલ લોક અદાલતમાં કેવા કેસો મૂકવા તેમજ વિદ્યાર્થીઓ માટેની સરકારી યોજનાઓ અંગેની માહિતી આપી હતી આચાર્ય શ્રી આર.જી. સેવક તેમજ સ્ટાફ ગણ હાજર રહ્યો હતો.

# નવસારી જિલ્લો મિશન મંગલમ યોજનાથી અમારા મંડળને રૂ.૧.૧૫ લાખની લોન મળતા ગૃહ ઉધોગ શરૂ કર્યો

। નવસારી, તા.૮ ।



નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના ધામધુમા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ યાત્રા દરમિયાન સરકારની મિશન મંગલમ યોજનાના લાભાર્થી કાજલબેન દેશમુખે જણાવ્યું કે, મારા સખી મંડળનું નામ જય જલારામ સખી મંડળ છે. જેમાં અમારા ગામની ૧૦ બહેનો સભ્યો છે. મિશન મંગલમ યોજના તરફથી અમારા મંડળને રૂ.૧૫ હજારનું રિવોલ્વીંગ ફંડ અને રૂપિયા એક લાખની કેશ ક્રેડિટ લોન મળી હતી. જેના થકી બહેનોએ મળીને ઘરની જરૂરિયાત વસ્તુઓના બનાવટનો ગૃહ ઉધોગ શરૂ કર્યો હતો. સરસ મેળા તથા સરકારશ્રી દ્વારા અલગ અલગ પ્લેટફોર્મ પર વેચાણ કરી આજીવિકા મેળવીએ છીએ. જેના થકી મહિલાઓ પરિવારને મદદરૂપ પણ થઈ રહી છે અને આત્મનિર્ભર પણ બની રહી છે. જે બદલ હું રાજ્ય અને કેન્દ્ર સરકારનો આભાર માનુ છું.

# રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાનાં કુંદણી અને લીલાપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

। રાજકોટ, તા.૮ ।



રાજકોટ જિલ્લામાં જસદણ તાલુકાનાં કુંદણી અને લીલાપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી. જ્યાં ગ્રામજનોએ સામૈયા, કુમકુમ તિલક કરી રથનું સ્વાગત કર્યું હતું. આ યાત્રા ૮ ડિસેમ્બરે કડુકા અને નવાગામ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ગ્રામજનોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી તથા લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવી હતી. "મેરી કહાની, મેરી ઝુબાની" અંતર્ગત સરકારની યોજનાઓનો લાભ મેળવેલ લાભાર્થીઓએ સરકાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

"ધરતી કહે પુકારકે" કૃતિ દ્વારા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે ઉપસ્થિત મહાનુભાવો સાથે ગ્રામજનોએ પ્રધાનમંત્રીશ્રીનો વિકસિત ભારત સંકલ્પ સંદેશ સાંભળવાની સાથે વિકાસલક્ષી શોર્ટ ફિલ્મ નિહાળી, વિકસિત ભારતના શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં પદાધિકારીઓ, ગામનાં સરપંચશ્રીઓ, ઉપસરપંચશ્રીઓ, ગ્રામ પંચાયત સદસ્યશ્રીઓ, આંકડા મદદનીશ અધિકારીશ્રી એમ.બી. સોલંકી, આરોગ્ય વિભાગ, ખેતીવાડી વિભાગ, બેંક, પશુપાલન, શાળાના આચાર્યશ્રી, શિક્ષકો, આઈ.સી.ડી.એસ., સહિતનાં સંબધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કલોલ રેલવે સ્ટેશન પર સાબરમતી-દૌલતપુર ચોક, અમદાવાદ-જમ્મૂ તવી, બાન્દ્રા ટર્મિનસ-જૈસલમેર એક્સપ્રેસ ટ્રેનોનું સ્ટોપેજ

**માનનીય ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોરે કરાવ્યો શુભારંભ**









। અમદાવાદ, તા.૮ ।

માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શનમાં માનનીય ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી પંજાજી ઠાકોરે અમદાવાદ મંડળના કલોલ રેલવે સ્ટેશન પર તારીખ ૦૮.૧૨.૨૦૨૩ ના રોજ ટ્રેન નંબર ૧૯૪૧૧/૧૯૪૧૨ સાબરમતી-દૌલતપુર ચોક, ટ્રેન નંબર ૧૯૨૨૩/૧૯૨૨૪ અમદાવાદ-જમ્મૂતવી એક્સપ્રેસ અને ટ્રેન નંબર ૨૨૯૩૧/૨૨૯૩૨ બાન્દ્રા ટર્મિનસ-જૈસલમેર એક્સપ્રેસ (સાપ્તાહિક) ટ્રેનોના સ્ટોપેજનો શુભારંભ કર્યો. આ ત્રણ ટ્રેનોના સ્ટોપેજથી કલોલ શહેરની આસપાસના ગામોની જનતાને વિવિધ મહત્વપૂર્ણ શહેરોમાં જવા માટે સીધી ટ્રેન ઉપલબ્ધ થશે. જેનાથી લોકોના સમય અને પૈસાની પણ બચત થશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

**૧. ટ્રેન નંબર ૧૯૪૧૧/૧૯૪૧૨ સાબરમતી-દૌલતપુર ચોક એક્સપ્રેસ (દૈનિક)**

ટ્રેન નં. ૧૯૪૧૧ સાબરમતી-દૌલતપુર ચૌક એક્સપ્રેસનો ૦૮.૧૨.૨૦૨૩ થી કલોલ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૧૦.૦૦/૧૦.૦૨ કલાક રહેશે. આ રીતે ટ્રેન નંબર ૧૯૪૧૨ દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસનો કલોલ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૧૪.૨૮/૧૪.૩૦ કલાક રહેશે.

**૨. ટ્રેન નંબર ૧૯૨૨૩/૧૯૨૨૪ અમદાવાદ-જમ્મૂતવી એક્સપ્રેસ (દૈનિક)**

ટ્રેન નં.૧૯૨૨૩ અમદાવાદ-જમ્મૂતવી એક્સપ્રેસનો ૦૮.૧૨.૨૦૨૩ થી કલોલ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૧૧.૩૮/૧૧.૪૦ કલાક રહેશે. આ રીતે ટ્રેન નંબર ૧૯૨૨૪ જમ્મૂતવી-અમદાવાદ એક્સપ્રેસનો કલોલ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૧૨.૩૫/૧૨.૩૭ કલાક રહેશે.

**૩. ટ્રેન નંબર ૨૨૯૩૧/૨૨૯૩૨ બાન્દ્રા ટર્મિનસ-જૈસલમેર એક્સપ્રેસ (સાપ્તાહિક)**

ટ્રેન નં. ૨૨૯૩૧ બાન્દ્રા ટર્મિનસ-જૈસલમેર એક્સપ્રેસનો ૦૮.૧૨.૨૦૨૩થી કલોલ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૨૦.૧૫/૨૦.૧૭ કલાક રહેશે. આ રીતે ટ્રેન નંબર ૨૨૯૩૨ જૈસલમેર-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસનો ૧૦.૧૨.૨૦૨૩ થી કલોલ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૦૫.૫૪/૦૫.૫૬ કલાક રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ, સંરચના, માર્ગ અને સમય વિશે વિગતવાર જાણકારી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ટાઉનહોલ, ખંભાળિયા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉમળકાભેર કરાયું સ્વાગત

। નવસારી, તા.૮ ।

જનજન સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચાડી આગામી વર્ષ ૨૦૪૭ સુધી ભારતને વિકસિત રાષ્ટ્રની હરોળમાં પહોંચાડવાની સંકલ્પ સાથે વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ઝારખંડ ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" દેવભૂમિ દ્વારકા જિલ્લાના શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં ભ્રમણ કરીને વંચિત લાભાર્થીઓના ઘરઆંગણે કેન્દ્ર-રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓ" પહોંચાડી રહી છે. આ સંકલ્પ યાત્રાનું ટાઉનહોલ, ખંભાળિયા ખાતે આગમન થતા દીકરીઓએ કુમકુમ તિલક કરીને સંકલ્પ રથનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. આ વેળાએ નગરપાલિકા પ્રમુખશ્રી રચનાબેન મોટાણી એ જણાવ્યું હતું કે, સરકારે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવીના ઘરઆંગણે પહોંચાડવા માટે આ સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો છે.

# પોતાનો ફાળો આપીને રાજકોટ જિલ્લામાં 'સશસ્ત્ર સેના ધ્વજ દિન'ની ઉજવણીનો પ્રારંભ કરાવતા અધિક નિવાસી કલેક્ટરશ્રી

। રાજકોટ, તા.૮ ।



સેનાના જવાનોના અપ્રતિમ સાહસ, શૌર્ય, અનન્ય બલિદાનનું સ્મરણ કરવા અને તેમનું સન્માન કરવા સમગ્ર દેશમાં પ્રતિ વર્ષ 'સશસ્ત્ર સેના ધ્વજ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં અધિક નિવાસી કલેક્ટરશ્રી એસ.જે. ખાચરે સશસ્ત્ર સેના ધ્વજ દિવસના ભંડોળમાં ફાળો આપીને જિલ્લામાં સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો તેમજ તેમણે તમામ નાગરિકોને આ નિમિત્તે યથાશક્તિ ફાળો આપવા અનુરોધ કર્યો હતો.

આ તકે રાજકોટ જિલ્લા સૈનિક કલ્યાણ પુનર્વસવાટ અધિકારી કમાન્ડરશ્રી પવન કુમાર, શ્રી રેખાબેન એ. દુદકિયા, ગજેન્દ્રસિંહ ચાવડા, કિરણભાઈ ભટ્ટી, વિજયભાઈ ખોખર, એનસીસીના કેડેટ્સ વગેરે ઉપસ્થિત રહયા હતા.

નોંધનીય છે કે, રાષ્ટ્રની રક્ષા માટે બલિદાન આપનાર સૈનિકોના પરિવારજનો સ્વમાનભેર પોતાના જીવનનો નિર્વાહ કરી શકે તેવી વ્યવસ્થા કરવા તેમજ યુદ્ધ અને સૈનિક કાર્યવાહીમાં શારીરિક ક્ષતિગ્રસ્ત થવાના કારણે સેવાનિવૃત્ત સૈનિકોના પુનર્વસવાટ અને તેઓના પરિવારજનો માટે વિવિધ કલ્યાણકારી કાર્યોમાં સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળનો ઉપયોગ કરવામાં આવે છે.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધનોરીની સરાહનીય કામગીરી ગ્રામજનોના આરોગ્યલક્ષી વિવિધ તપાસ હાથ ધરાઇ

। રાજકોટ, તા.૮ ।




નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના એંધલ ગામે નવસારીના ધારાસભ્ય શ્રી રાકેશભાઇ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. જયાં વિવિધ વિભાગના સ્ટોલ ઉભા કરવામાં આવ્યાં હતાં. સ્ટોલ પર વિવિધ યોજનાકીય લાભો માટે માર્ગદર્શન આપવામાં આવે છે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધનોરી દ્વારા સ્ટોલ ઉભા કરી ગ્રામજનોના આરોગ્યલક્ષી વિવિધ તપાસ હાથ ધરવામાં આવી હતી. તાલુકા હેલ્થ ઓફિસર ડો. અંજનાબેન પટેલ, મેડિકલ ઓફિસર ડો.પ્રિયંકા પટેલ, આયુષ મેડિકલ ઓફિસર ડો. મૃણાલ મકવાણાના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા એન.સી.ડી., એન.ટી.ઈ.પી., સિકલસેલ એનિમિયા, પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ યોજના, આયુષ્યમાન ભારત હેલ્થ કાર્ડ તેમજ જનરલ હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

આ અવસરે આરોગ્ય વિભાગના આશાબેન પટેલ, મેહુલભાઈ પટેલ, હિમાંશુ પટેલ, નિલેશ પટેલ, રાહુલ પટેલ, સુનીલ પટેલ, કેયુર પટેલ, ફોરમ પટેલ, જયોતિકા ખલાસી, હિનલ પટેલ, મયુરી પટેલ, શોભના પટેલ તેમન સિકલ સેલ કાઉન્સેલર બીનાબેન પટેલે સેવાઓ આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે. આજે તમને આ સંગીત સાંભળવા મળશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે- એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. નાણાકીય દ્દષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે. તમારા ધ્યેયની દિશામાં શાંતિપૂર્વક કામ કરો અને તમે સફલતા સુધી ન પહોંચો ત્યાં સુધી તમારો હેતુ છતો ન કરો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. સમજદારીપૂર્વક રોકાણ કરો. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો. તેમને ફરિયાદ કરવાની કોઈ તક ન આપો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો કેમ કે તમારા કઠોર શબ્દો તમારા પ્રિયપાત્ર અને તમારા વચ્ચેની શાંતિ તથા સંબંધની સરળ ગતિને અસર કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો. તમારી સખેત મહેનતનું વળતર મળશે.

# ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો

## અરજીની સંખ્યામાં થઈ રહેલા ઘટાડાની પ્રથમ નોંધ બેટર ડ્વેલિંગ આઉટલેટ દ્વારા કરવામાં આવી હતી

। નવી દિલ્હી, તા.૮ ।

છેલ્લા ઘણા સમયથી હાયર એજ્યુકેશન માટે ભારતીય વિદ્યાર્થીઓમાં કેનેડા હોટ ફેવરિટ દેશ બન્યો છે. દર વર્ષે લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ કેનેડા જતા હોય છે. આ ઉપરાંત કેનેડાના પીઆર મેળવવામાં પણ ભારતીયઓ આગળ પડતા છે. જોકે, હાલમાં કેનેડામાં અભ્યાસ માટે અરજી કરનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં આ વર્ષના ઉત્તરાર્ધમાં નાટ્યાત્મક ઘટાડો થયો છે.

જુલાઈથી ઓક્ટોબર ૨૦૨૩ના સમયગાળા માટે ભારતમાંથી નવી સ્ટડી પરમિટ માટે અરજીઓની સંખ્યા ઘટીને ફક્ત ૮૬,૫૬૨ થઈ ગઈ છે. જે ગયા વર્ષે આ જ સમયગાળામાં ૧,૪૫,૮૮૧ હતી. આમ આ સમયગાળામાં નવી અરજીઓની સંખ્યામાં લગભગ ૪૦%નો ઘટાડો નોંધાયો છે. અરજીઓમાં આ ઘટાડો



ભારત અને કેનેડા વચ્ચેના વણસેલા સંબંધો સાથે જોડાયેલો નથી. કારણ કે ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સામેલગીરીના "વિશ્વસનીય આરોપો" વિશે હાઉસ ઓફ કોમન્સમાં વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોનું નિવેદન ૧૮ સપ્ટેમ્બરમાં આવ્યું હતું. જ્યારે આ ઘટાડો તેના પહેલા જોવા મળી રહ્યો છે. અરજીની સંખ્યામાં થઈ રહેલા ઘટાડાની પ્રથમ નોંધ બેટર ડ્વેલિંગ આઉટલેટ દ્વારા કરવામાં આવી હતી. જેણે નોંધ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના કેનેડાના શોષણ અંગેની ચર્ચા આ અણબનાવની આગળ એક મોટો મુદ્દો બની જવાની "વધુ સંભાવના" છે. વધુ અને વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ કેનેડામાં તેમને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો તે વિશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી રહ્યા છે, ખાસ કરીને હાઈ કોસ્ટ ઓફ લિવિંગ એટલે કે રહેવાનો ઊંચો ખર્ચો અને જે પ્રોમિસ કરવામાં આવ્યું હતું તે તકોનો અભાવ મુખ્ય બાબત છે. એટલે કે બેટર ડ્વેલિંગના કહેવા પ્રમાણે ભારતીય વિદ્યાર્થીઓને કેનેડામાં રહેવાનો ખર્ચો મોંઘો પડી રહ્યો છે. આ ઉપરાંત રોજગારીની પૂરતી તકોનો અભાવ પણ નડી રહ્યો છે. આઉટલેટે જણાવ્યું હતું કે, જ્યારે પોલિસીમેકર્સે સૌપ્રથમ વિદ્યાર્થિઓને પરવડે તે માટે તેમની સંખ્યાને મર્યાદિત કરવાનો વિચાર રજૂ કર્યો હતો ત્યારે એવું લાગે છે કે તેઓ બચાવનો પ્રયાસ કરી રહ્યા હતા. લોકોએ હજી સુધી ડેટા જોયો ન હતો, પરંતુ તેઓ પહેલેથી જ કેનેડામાં અભ્યાસ કરવા ઈચ્છતા લોકોની સંખ્યામાં થઈ રહેલા તીવ્ર ઘટાડાથી વાકેફ હતા. ઓગસ્ટમાં કેનેડાના હાઉસિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કોમ્યુનિટીઝના મંત્રી સીન ફ્રેઝરે કહ્યું હતું કે દેશમાં કેટલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પ્રવેશ કરે છે તેના પર એક કેપ મૂકવી એ "આપણે ધ્યાનમાં લેવાના વિકલ્પોમાંથી એક છે. વાર્ષિક ઈન્ટેકના આંકડાઓમાં પણ ઘટાડો સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ૨૦૨૨માં ઈઝઝ દ્વારા ભારતીય વિદ્યાર્થીઓ પાસેથી પ્રાપ્ત અરજીઓની સંખ્યા ૩,૬૩,૫૪૧ હતી. જ્યારે ૨૦૨૧માં ૨,૩૬,૦૭૭ અરજીઓ મળી હતી. પરંતુ ૨૦૨૩માં ઓક્ટોબર સુધી કુલ ૨,૬૧,૩૧૦ અરજીઓ મળી છે. કેનેડામાં જેટલા પણ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ આવે છે તેમાંથી અડધો અડધ ભારતીયો હોય છે.

## ન્યૂઝ બ્રિફ

### રશિયન રફ હીરાની આયાત પર પ્રતિબંધ મૂકાતા સુરતના રત્નકલાકારો ટેન્શનમાં

। સુરત, તા.૮ ।

સુરત હીરા ઉદ્યોગને લઈ એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, હીરા ઉદ્યોગની મુશ્કેલીમાં વધારો થયો છે. વિગતો મુજબ રશિયન રફ હીરા પર જી-૭ દેશોએ પ્રતિબંધ મુક્ત આ સ્થિતિ ઊભી થઈ છે. જેને લઈ હવે સુરતના રત્નકલાકારોની બેરોજગારી વધે તેવી શક્યતા સેવાઈ રહી છે. નોંધનિય છે કે, સુરતના હીરા ઉદ્યોગમાં રશિયન રફ હીરાનો ૩૦થી ૩૫ ટકા હિસ્સો છે. સુરતના જગ વિખ્યાત હીરા ઉદ્યોગમાં હાલ મંદીનો માહોલ ચાલી રહ્યો છે. આ દરમિયાન હવે સમાચાર સામે આવ્યા છે કે, હાલ હીરા ઉદ્યોગની મુશ્કેલીમાં વધારો થયો છે. વિગતો મુજબ રશિયન રફ હીરા પર જી-૭ દેશોએ પ્રતિબંધ મૂક્યો છે. આ તરફ સુરતના હીરા ઉદ્યોગમાં રશિયન હીરાનો લગભગ ૩૦થી ૩૫ ટકા હિસ્સો છે. જોકે આ પ્રતિબંધને કારણે આગામી દિવસોમાં સુરતમાં રત્નકલાકારોની બેરોજગારી વધે તેવી સ્થિતિ બની છે.

### સુરત એરપોર્ટને છેલ્લાં પાંચ વર્ષમાં ૧૫૨.૧ કરોડની ખોટ, ખર્ચા માથે પડ્યાં

। સુરત, તા.૮ ।

ડાયમંડ સિટી સુરતના એરપોર્ટને લઈ એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, આ સુરત એરપોર્ટે છેલ્લા ૫ વર્ષમાં કરોડોની ખોટ કરી છે. આંકડાઓ પર નજર કરીએ તો રાજ્યમાં અમદાવાદ સિવાયના તમામ એરપોર્ટ હાલમાં ખોટમાં ચાલી રહ્યા છે. છેલ્લા ૫ વર્ષમાં સુરત એરપોર્ટે ૧૫૨.૧ કરોડની ખોટ કરી છે. વિગતો મુજબ ક્ષમતા કરતા ઓછી એર કનેક્ટિવિટીના કારણે એરપોર્ટને નુકસાન થતું હોવાનું સામે આવ્યું છે. સુરતના એરપોર્ટ પર મહિને-દહાડે હજારો લોકો પરિવહન કરતા હોય છે. જોકે છેલ્લા ૫ વર્ષથી આ સુરત એરપોર્ટ ખોટમાં ચાલી રહ્યું છે. સુરત એરપોર્ટ પર કાર્ગોનું માત્ર ૨૦ ટકા વહન છે. આ સાથે હવે ખોટના કારણે CISFની સુરક્ષાનો ખર્ચ પણ એરપોર્ટને મોંઘો પડી રહ્યો છે. મહત્વનું છે કે, ગુજરાતના અમદાવાદ સિવાયના તમામ એરપોર્ટ હાલ ખોટમાં ચાલી રહ્યા છે. સુરત એરપોર્ટને પાંચ વર્ષમાં ૧૫૨.૧ કરોડની ખોટમાં હોવાનું સામે આવ્યું છે. આ તરફ ખોટ થવાના અનેક કારણો સામે આવ્યા છે.

# Meftal પેઇન કિલર લેવી બની શકે છે ખતરનાક

## સરકારે કહ્યું છે કે મેફ્ટાલના વધુ પડતા સેવનથી ડ્રેસ સિન્ડ્રોમ જેવી ગંભીર એલર્જી વધી શકે છે

। નવી દિલ્હી, તા.૮ ।

જો તમને માથાનો દુખાવો, શરીરમાં દુખાવો અથવા શરીરના કોઈપણ ભાગમાં દુખાવો હોય તો ડૉક્ટરની સલાહ લીધા વિના પેઈનકિલર લેવી ખતરનાક બની શકે છે. હવે ઈન્ડિયન ફાર્માકોપિયા કમિશન (આઈપીસી) એ પેઈનકિલર દવા મેફ્ટાલને લઈને ડોક્ટરો અને લોકોને સેફ્ટી એલર્ટ જાહેર કર્યું છે. સરકારે કહ્યું છે કે મેફ્ટાલના વધુ પડતા સેવનથી ડ્રેસ સિન્ડ્રોમ જેવી ગંભીર એલર્જી વધી શકે છે. આ આખા શરીરને અસર કરી શકે છે જેના કારણે સમસ્યાઓ વધશે. એલર્ટ ૩૦ નવેમ્બરના રોજ જાહેર કરવામાં આવ્યું હતું અને તેમાં કહેવામાં આવ્યું છે કે "આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો અને દર્દી-ગ્રાહકોને શંકાસ્પદ દવાના



ઉપયોગ સાથે સંકળાયેલ ઉપરોક્ત પ્રતિકૂળ પ્રતિક્રિયાઓની શક્યતા પર નજીકથી દેખરેખ રાખવાની સલાહ આપવામાં આવે છે. આઈપીસીએ સલાહ આપી છે કે જો મેફ્ટાલ દવાના સેવનથી કોઈ પ્રતિકૂળ અસર જોવા મળે છે, તો તેમને તરત જ તેને ખાવી બંધ કરી દેવી જોઈએ. જો કે, ડોકટરો કહે છે કે આવી પ્રતિકૂળ અસરો ખૂબ જ દુર્લભ છે. ડૉક્ટરોના કહેવા પ્રમાણે કોઈ પણ દવાનું રિએક્શન અલગ અલગ દર્દીઓ માટે અલગ-અલગ હોય છે. કોઈપણ રીતે ડૉક્ટર દર્દીને માત્ર ખૂબ મર્યાદિત માત્રામાં **Meftal** લેવાનું પ્રિસ્ક્રિપ્શન આપે છે. આમ છતાં જો કોઈ વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ આ દવાનું વધુ પડતું સેવન કરે છે તો તે મુશ્કેલીમાં મુકાઈ શકે છે. મેફ્ટાલ ભારતમાં મેડિકલ સ્ટોર્સ પર વ્યાપકપણે ઉપલબ્ધ છે. ખાસ વાત એ છે કે તેને ખરીદવા માટે કોઈ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શનની જરૂર નથી. આ દવા કોઈપણ મેડિકલ સ્ટોરમાંથી સરળતાથી ખરીદી શકાય છે. તેથી, શરીરમાં કોઈપણ પ્રકારની પીડાની સ્થિતિમાં લોકો મેફ્ટાલ ખરીદે છે અને તેનું સેવન કરે છે. લોકો પીરિયડના દુખાવા, માથાનો દુખાવો અને સ્નાયુ અને સાંધાના દુખાવા માટે તેનો ઉપયોગ કરે છે. જો બાળકોને વધુ તાવ આવે છે તો તેના માટે પણ ડોક્ટર મેફ્ટાલ આપે છે.

### એક મહિના અગાઉ થઇ હતી સગાઇ


# ગાઝા યુદ્ધમાં ભારતીય મૂળના ઇઝરાયલી સૈનિકનું મોત થયું

## ગિલ ડેનિયલ જોએલ અને મઝાલનો પુત્ર હતો, ઇઝરાયેલ સમુદાયના સભ્ય ગિલ ડેનિયલ ભારતના મહારાષ્ટ્રનો છે

। નવી દિલ્હી, તા.૮ ।

ગાઝા પટ્ટીમાં યુદ્ધ દરમિયાન ૩૪ વર્ષીય ભારતીય મૂળના ઈઝરાયલી સૈનિકનું મૃત્યુ થયું હતું. અશડોડના માસ્ટર સાર્જન્ટ ગિલ ડેનિયલનું મંગળવારે ગાઝામાં મોત થયું હતું.

બુધવારે તેમના વતન સૈન્ય કબ્રસ્તાનમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. ઈઝરાયલના સુરક્ષા દળોએ જણાવ્યું હતું કે ગાઝા પટ્ટીમાં યુદ્ધ દરમિયાન માર્યા ગયેલા બે સૈનિકોમાં ગિલ એક હતો. ઈન્ડિયન જ્યુઈશ હેરિટેજ



સેન્ટરે કહ્યું હતું કે 'ઈઝરાયલે આ યુદ્ધમાં તેના ઘણા સૈનિકો ગુમાવ્યા. પુત્રો અને પુત્રીઓ આગળ આવ્યા અને બધા ઈઝરાયલના સંરક્ષણમાં ભાગ લીધો. અમે અમારા અન્ય સૈનિકોના મૃત્યુ પર શોક વ્યક્ત કરી રહ્યા છીએ. યુદ્ધની શરૂઆત પછી ગિલ ૧૦ ઓક્ટોબરના રોજ યુદ્ધમાં સામેલ થયો હતો. ગિલ ડેનિયલના મિત્રએ જણાવ્યું કે તેની (ગિલ) સગાઈ એક મહિના પહેલા જ થઈ હતી. તેમણે ગિલના નિધનને મોટી ખોટ ગણાવી છે. ગાઝામાં ગ્રાઉન્ડ ઓપરેશનની શરૂઆતથી અત્યાર સુધીમાં લગભગ ઈઝરાયલના ૮૬ સૈનિકો માર્યા ગયા છે. ૭ ઓક્ટોબરે ઈઝરાયલમાં થયેલા હુમલા બાદ ભારતીય મૂળના ચાર સૈનિકો માર્યા ગયા છે.

# હાર્ટ અટેકથી મરનારાઓની સંખ્યામાં ૧૨ ટકાનો વધારો

। નવી દિલ્હી, તા.૮ ।

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના નવા રિપોર્ટ અનુસાર, ૨૦૨૧ની સરખામણીમાં ૨૦૨૨માં હાર્ટ અટેકથી મૃત્યુ પામનારાઓની સંખ્યામાં ૧૨.૫ ટકાનો વધારો થયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૨માં હાર્ટ અટેકના કારણે ૩૨,૪૫૭ લોકોના મોત થયા હતા, જે ગયા વર્ષે નોંધાયેલા ૨૮,૪૧૩ મૃત્યુ કરતા ઘણા વધારે છે. રિપોર્ટમાં એ પણ ખુલાસો થયો છે કે કોવિડ-૧૯ પછી હાર્ટ અટેકના કારણે મૃત્યુની સંખ્યા સતત વધી રહી છે. ઘણા સંશોધનોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કોરોના વાયરસને કારણે હાર્ટના ફંક્શનને ખૂબ અસર થઈ છે. માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૨માં અચાનક મૃત્યુનો દર પણ વધ્યો છે. વર્ષ ૨૦૨૨માં અચાનક મૃત્યુનો કુલ આંકડો ઘણો આશ્ચર્યજનક છે. અચાનક મૃત્યુની સંખ્યા ૫૬,૪૫૦ છે, જે છેલ્લા ત્રણ વર્ષમાં ચિંતાજનક રીતે વધી રહેલા વલણને દર્શાવે છે. વર્ષ ૨૦૨૨માં આ આંકડો ૫૬,૪૫૦ સુધી પહોંચી ગયો હતો જે જે ગયા વર્ષના ૫૦,૭૩૯ના આંકડા કરતાં ૧૦.૧ ટકા વધારે છે. **NCRB**એ પોતાના રિપોર્ટમાં આકસ્મિક મૃત્યુની વ્યાખ્યા કરી છે. હાર્ટ અટેક અને બ્રેઈન સ્ટ્રોકના કારણે મૃત્યુમાં સતત વધારો થઈ રહ્યો છે. આ આંકડો ૨૦૨૦ માં ૨૮,૫૭૯ થી ઘટીને ૨૦૨૧ માં ૨૮,૪૧૩ થયો અને પછી ૨૦૨૨ માં વધીને ૩૨,૪૫૭ થયો. નિષ્ણાંતોએ ઘણા પરિબળો દર્શાવ્યા છે જે હાર્ટ અટેકનું જોખમ વધારે છે. જેમ કે ઉચ્ચ સોડિયમ ડાયટ, કસરતનો અભાવ, ધૂમ્રપાન, વધુ પડતો દારૂ પીવો, વધુ એક્ટિવ ન રહેવું. સ્વાસ્થ્ય વિશેષજ્ઞોના મતે, હિમોગ્લોબિનનું ઊંચું સ્તર તમારા હૃદયના જોખમને પણ વધારી શકે છે.



હિમાચલ પ્રદેશના સિમલાના શિવ મંદિરમાં વરસાદ કારણે ભૂસ્ખલનમાં થયેલ નુકસાનની તપાસ કરી મીડિયા સાથે વાતચીત કરતા નજરે પડે છે.

## વિશેષ

### આદિવાસી લોકોમાં સિકલસેલ સહિત વિવિધ રોગોની સારવાર માટે રાજ્ય સરકાર કટીબધ્ધ છે

# પીપળકુવા ગામે રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષ સ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ





તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના પીપળકુવા ગામે આજરોજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ આવી પહોંચ્યો હતો. રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ,શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષ સ્થાને કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે તાપી જિલ્લા વહીવટીતંત્ર સહિત પદાધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કલ્યાણકારી યોજનાઓ સાથે આવેલ રથ ને વધાવતા પીપળકુવા ગામે જનમેદની ઉમટી પડી હતી. વિકાસની પ્રતિબધ્ધતા વ્યક્ત કરતા રાજ્યકક્ષા આદિજાતિ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે હું આજે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપું છું કેમકે તમારા લોકોના કામ કરવા માટે આજે રથમાં કેન્દ્ર સરકારની ૨૨ જેટલી યોજનાઓનો લાભ લેવા માટેના ફોર્મ સહિત માહિતીઓ મોકલી છે. છેવાડાના દરેક લાભાર્થીઓને સ્થળ ઉપર જ લાભ મળી જાય તે માટે જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા જુદા જુદા સ્ટોલ બનાવવામાં આવ્યા છે.

આદિવાસી લોકોમાં સિકલસેલ સહિત વિવિધ રોગોની સારવાર માટે રાજ્ય સરકાર કટીબધ્ધ છે. આદિજાતિ વિભાગમાંથી ડોકટર, એન્જીનીયર બનવા ઉચ્ચ શિક્ષણ માટે રૂા.૧૫ લાખની લોન તેમજ પાયલોટ માટે રૂા.૨૫ લાખની લોન સહાય આપાવામાં આવે છે. વ્યારા સુગર ફેકટરી ૧૮ વર્ષથી બંધ હતી તે ચાલુ કરી દેવામાં આવી છે. આદિજાતિ વિભાગમાંથી રૂા.૩૦ કરોડ ની ફાળવણી કરવામાં આવી છે. ગુજરાત સરકાર પણ આદિવાસી લોકોની એટલી જ ચિંતા કરે છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કૃષિ ક્ષેત્રના વિકાસ માટે ચિંતા કરે છે.

આદિવાસી વિકાસનું બજેટ ૩૪૧૦ કરોડ છે. તાપી કલેકટર ડો.વિપિન ગર્ગે જણાવ્યું હતું કે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના મુખ્ય બે હેતુ છે. એક કેન્દ્રની ૨૨ જેટલી યોજનાની માહિતી લોકોને મળે છે. પોતપોતાના હકની જાણકારી પ્રાપ્ત થાય છે. નાગરિક જાગૃત બને છે. બીજુ હેતુ અને જાણકારી મળવાથી લાભાર્થી સો ટકા યોજનાથી લાભાન્વિત થાય છે. વાર્ષિક ૪ લાખથી ઓછી આવક ધરાવતા આયુષમાન યોજનાનો લાભ મળી શકે છે. વ્હાલી દિકરી યોજનામાં દિકરી ૧૮ વર્ષની થાય ત્યારે લાભ મળી રહે છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિ.એન.શાહે જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારનો આ સ્તુત્ય પ્રયાસ છે. ૧૫ નવેમ્બરથી શરૂ થયેલી આ યાત્રા ૨૬ જાન્યુઆરી-૨૪ સુધી પ્રધાનમંત્રીશ્રી એ આપેલી ગેરંટીને ચરિતાર્થ કરવામાં આવશે. સ્ટોલની મુલાકાત લઈ યોજનાનો લાભ લેવા જિલ્લા વિકાસ અધિકારીએ અનુરોધ કર્યો હતો. આ યાત્રા દરમિયાન પ્રધાનમંત્રીશ્રીનો સંદેશાનું પ્રસારણ લોકોએ નિહાળ્યું હતું. કૃષિ ક્ષેત્રના વિકાસ માટે આધુનિક ટેકનોલોજીથી ડ્રોન મશીનથી દવા છંટકાવ ડેમોસ્ટ્રેશન કરાયું હતું. જુદી જુદી યોજનાના લાભાર્થીઓને લાભો અર્પણ કરાયા હતા. પીપળકુવા પ્રા.શાળાની બાલિકાઓએ પ્રાર્થના સ્વાગત ગીત,ધરા નાટક રજુ કર્યું હતું. સખીમંડળની બહેનોએ પણ કૃતિ રજુ કરી હતી.મંત્રીશ્રી કુંવરજીભાઈએ તમામ બાળકલાકારોને પ્રોત્સાહન ઈનામ આપી કલાને બિરદાવી હતી. આ પ્રસંગે જિલ્લા, તાલુકા પદાધિકારીઓ, શિક્ષણાધિકારીશ્રી ધારાબબેન પટેલ, દહેજ પ્રતિબંધક અધિકારી ડો.મનિષા મુલતાની, પ્રોગ્રામ ઓફિસર તન્વી પટેલ મામલતદાર એન.એન.ચાંપાનેરિયા, તાલુકા વિકાસ અધિકારી શ્રી ડી.ડી.ગાવિત, વેચ્યાભાઈ, વિક્રમભાઈ, સરપંચશ્રી દિપ્તેશભાઈ, વાડી સરપંચ કલ્પેશભાઈ, ઉકાઈ સરપંચ રોહિતભાઈ, બેડી સરપંચ લીલાબેન, ઘોડા સરપંચ જશ્રી બેન સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઈએ કર્યું હતું. આભારવિધિ તાલુકા વિકાસ અધિકારી ડી.ડી.ગાવિતે આટોપી હતી.

# મુશ્કેલીઓ વચ્ચે આગળ વધવાની પ્રેરણા રૂપ બનશે અમદાવાદના આ દિવ્યાંગ યુવાનની સંઘર્ષગાથા

## રાષ્ટ્રપતિ સુશ્રી દ્રૌપદી મૂર્મુજીના હસ્તે 'શ્રેષ્ઠ દિવ્યાંગ જન ૨૦૨૩'નો એવોર્ડ મેળવનાર જયે ૬ વર્ષ દરમિયાન ૩૫૦થી વધુ કેનવાસ પેઇન્ટિંગ બનાવ્યાં

| અમદાવાદ, તા.૮ |

જીવનની રોજબરોજની સમસ્યાઓ અને પ્રશ્નો વચ્ચે આ ગાથા તમને તમારા ધ્યેય સુધી પહોંચવાની ઝંખનાને વધુ પ્રબળ બનાવશે. આ યુવાનની વાત જાણીને અઘરાં અને અશક્ય લાગતાં કામો તમને સરળ લાગશે. અમદાવાદના ૨૫ વર્ષીય યુવાન જય મહેશભાઈ ગાંગડીયાએ શારીરિક મર્યાદાઓ છતાં પોતાની એવી ખૂબી વિકસાવી કે આજે તેઓ અનેક લોકો માટે પ્રેરણાસ્રોત બની ગયા છે. પોતાની ચિત્રકળાથી છેલ્લાં છ વર્ષ દરમિયાન તેમણે ૩૫૦થી વધુ કેનવાસ પેઈન્ટિંગ બનાવ્યાં છે. જેમાંનાં અનેક પેઈન્ટિંગ તેઓ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવોને ભેટ આપી ચૂક્યા છે.

તાજેતરમાં જ વિશ્વ દિવ્યાંગજન દિવસે જય ગાંગડીયાને શ્રેષ્ઠ દિવ્યાંગજન ૨૦૨૩નો નેશનલ એવોર્ડ દેશના રાષ્ટ્રપતિ સુશ્રી દ્રોપદી મૂર્મુજીના હસ્તે પ્રાપ્ત થયો છે. પોતાની કલ્પનાશક્તિ અને રંગ ભરેલી પીંછી કેનવાસ પર ચલાવી અદભુત ચિત્રો ઉપસાવવાની કળાથી જય સમગ્ર ગુજરાતનું ગૌરવ બન્યો છે, તેમનાં ૩૫૦થી વધુ પેઈન્ટિંગ્સમાં મિશન ચંદ્રયાન, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લિખિત ગુજરાતનો ગરબો, અમદાવાદ શહેરની સાંજ સહિતના નયનરમ્ય ચિત્રોનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના ૭૩મા જન્મદિવસ નિમિત્તે યોજાયેલી 'શબ્દ રંગ' ચિત્ર સ્પર્ધામાં તેમના જ કાવ્યસંગ્રહ 'આંખ આ ધન્ય છે' અને કવિતા 'માડી મને કૌવત દેજે' પરથી 'મિસ યુ મોમ' ચિત્ર બનાવ્યું હતું, જેને વિનર ફોર બેસ્ટ પેઈન્ટિંગનો એવોર્ડ મળ્યો હતો. જયની આ શ્રેષ્ઠત્તમ કલાકારી છે.

**જન્મથી જ જયને દત્તક લેનાર પિતાએ જણાવી સંઘર્ષગાથા**

જય ગાંગડીયાની આટઆટલી સિદ્ધિઓ અને પ્રસિદ્ધિ વિશે જાણ્યા બાદ તમને કદાચ સવાલ થતો હશે કે, શું જયને જન્મજાત આ તકલીફ હતી? અનેક સમસ્યાઓ વચ્ચે પણ તે





આટલો સફળ કેવી રીતે થયો? આ સવાલનો જવાબ આપતા જયના પિતા મહેશ ગાંગડીયા કહે છે કે, જયને અમે જન્મના પહેલા દિવસથી જ દતક લીધેલો છે. તે ત્રણ દિવસનો હતો ત્યારે કમળો થઈ જતા તાવ અને ખેંચ આવતી હતી. જેના કારણે તે સરેબલ પાલ્સી એટલે કે મગજના લકવાનો શિકાર બન્યો. સમય જતાં તેની આ ડિસેબિલિટી ૮૦% થઈ ગઈ. જેના પરિણામે આખા શરીરના સ્નાયુ જકડાઈ ગયા. મગજ અને શરીરનાં અલગ અલગ અંગો વચ્ચે જ્ઞાન તંતુઓનો સંપર્ક નબળો થઈ ગયો. જેથી બોલવા-ચાલવા, બેસવા-ઉઠવા સહિતની રોજિંદી ક્રિયાઓ પણ તેના માટે અઘરી બની ગઈ. જયે ધોરણ પાંચ પછીનો અભ્યાસ સ્પેશિયલ સ્કૂલમાં કર્યો છે. તેનું આઈક્યુ લેવલ ખૂબ સારું હોવાથી ૧૧ વર્ષની ઉંમરથી જ જય પેઈન્ટિંગ કરે છે. તેની આ જ ખૂબીને કારણે તેણે સમગ્ર પરિવાર અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

**ન્યૂઝ બ્રિફ**

### મહેસાણામાં નકલી ડિગ્રી પર નોકરી કરતા ૧૧ હેલ્થવર્કર ઝડપાયા

| મહેસાણા, તા.૮ |

મહેસાણામાં હવે નકલી ડિગ્રી કૌભાંડ સામે આવ્યું છે. વાત જાણે એમ છે કે, અહીં છેલ્લા ૧૦ વર્ષથી ૧૧ હેલ્થ વર્કર ખોટી ડિગ્રી પર નોકરી કરતાં હોવાનું સામે આવ્યું છે. માર્ચ ૨૦૨૩માં શરૂ કરવામાં આવેલ તપાસમાં આ કૌભાંડ સામે આવતા ખળભળાટ મચી ગયો છે. પ્રાથમિક વિગતો મુજબ આ લોકોએ અન્ય રાજ્યોની યુનિવર્સિટીના નામથી નકલી ડિગ્રી મેળવી નોકરી મેળવી હતી. આ તરફ જિલ્લા વિકાસ અધિકારીએ તમામને નોટિસ આપી ખુલાસ માંગ્યો છે. આ સાથે હવે આ તમામ ૧૧ હેલ્થ વર્કરને નોકરીમાંથી છૂટા કરવામાં આવશે. ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં એક મસમોટું અને ચોંકાવી દે તેવું કૌભાંડ સામે આવ્યું છે. મહેસાણા જિલ્લામાં ખોટી ડિગ્રી પર નોકરી કરતા હેલ્થ વર્કર ઝડપાયા છે.

### રાજકોટ એરપોર્ટ રોડ પર અસામાજિક તત્વોનો આતંક

| રાજકોટ, તા.૮ |

રાજકોટ એરપોર્ટ રોડ પર અસામાજિક તત્વોનો આતંક જોવા મળ્યો છે. તો રાત્રીના સમયે આવેલા અસામાજીક તત્વોએ વાહનોને સળગાવ્યા છે. તો અસામાજીક તત્વોએ ત્રણ વાહનોને આગ લગાવી હોવાનું સામે આવ્યુ હતું. તો દારુ પીને આવેલા શખ્સોએ કૃત્ય આચર્યુ હોવાનું આક્ષેપ કર્યો છે. રાજકોટ એરપોર્ટ રોડ પર અસામાજિક તત્વોનો આતંક જોવા મળ્યો છે. તો રાત્રીના સમયે આવેલા અસામાજીક તત્વોએ વાહનોને સળગાવ્યા છે. તો અસામાજીક તત્વોએ ત્રણ વાહનોને આગ લગાવી હોવાનું સામે આવ્યુ હતું. તો દારુ પીને આવેલા શખ્સોએ કૃત્ય આચર્યુ હોવાનું આક્ષેપ કર્યો છે. તો બીજી તરફ અમદાવાદના માધુપુરા વિસ્તારમાં પણ અસામાજિક તત્વોનો આતંક જોવા મળ્યો હતો.આ ઘટના ફાયર સ્ટેશન પાસે બની હતી.

### ઉમિયા ધામ સિદસરના પ્રમુખ જેરામ પટેલના રાજીનામાની માગ

| મોરબી, તા.૮ |

મોરબીમાં બોગસ ટોલનાકા મામલે ઉમિયા ધામ સિદસરના પ્રમુખ જેરામ પટેલના પુત્ર અમરશી પટેલનું નામ ઉછળ્યા બાદ વિવાદ વધુ વકર્યો છે, ત્યારે હવે જેરામ પટેલના રાજીનામાની માગ ઉઠી રહી છે. આંતરરાષ્ટ્રીય કુર્મી સેનાએ જણાવ્યું કે વઘાસિયામાં જે નકલી ટોલનાકું ઉભું કરવામાં આવ્યું હતું તે જેરામ પટેલની જમીન પર ધમધમતું હતું. આથી આ કેસની ન્યાયિક તપાસ પ્રભાવિત ન થાય એ માટે જેરામ પટેલે તાત્કાલિક સંસ્થાના પદ પરથી રાજીનામું આપવું જોઈએ. બીજી તરફ પૂર્વ પાસ કન્વીનર અને કોંગ્રેસના નેતા મનોજ પનારાએ પણ જેરામ પટેલના રાજીનામાની માગ કરી છે. મનોજ પનારાએ જણાવ્યું કે જે વિવાદ સર્જાયો છે તેના કારણે પાટીદાર યુવાનોમાં નારાજગી છે. આથી જેરામ પટેલે નૈતિકતાના ધોરણે રાજીનામું આપી દેવું જોઈએ.

## પાલનપુર સ્ટેશન પર રહી ગયેલી બેગ ટિકિટ પરીક્ષકે યાત્રીને સોંપી

| અમદાવાદ, તા.૮ |

પશ્ચિમ રેલવે પર અમદાવાદ મંડળના સમર્પિત કર્મચારીઓ પોતાના સન્માનનીય ગ્રાહકોને સુખદ અને સુરક્ષિત યાત્રા અનુભવ પ્રદાન કરાવવા માટે હંમેશા અગ્રસર રહે છે. આ ક્રમમાં પાલનપુર રેલવે સ્ટેશન પર કાર્યરત સિનિયર ટિકિટ પરીક્ષક છોટૂ સિંહ રાવતએ પ્રમાણિકતાનો પરિચય આપતાં યાત્રીના સ્ટેશન પર રહી ગયેલ બેગ ઘરેણાંઓ સહિત આરપીએફની હાજરીમાં જરૂરી કાર્યવાહી પૂરી કરીને સુપરત કરી.

મંડળ રેલવે પ્રવક્તાએ જાણકારી આપતાં જણાવ્યું કે તારીખ ૩૦.૧૧.૨૦૨૩ ના રોજ ટ્રેન નંબર ૦૯૪૩૮ આબૂ રોડ થી સાબરમતી જનારી ડેમૂ ટ્રેનમાં સવારે ૦૬:૩૦ કલાકે એક મહિલા યાત્રી પોતાના પરિવારની સાથે પાલનપુર રેલવે સ્ટેશન પર સામાનની સાથે કલોલ જવા માટે આવ્યા હતા, ગાડી આવવા પર બધા યાત્રી ગાડીમાં બેસી ગયા. તે એક બેગ ભૂલથી પાલનપુર રેલવે સ્ટેશન ઉપ સ્ટેશન પ્રબંધકની સામે છુટી ગઈ, ગાડી જતી રહ્યા પછી ઑન ડ્યુટી સિનિયર ટિકિટ પરીક્ષક છોટૂ સિંહ રાવત એ બેગ જોઈ તો તરત જ બેગ ટીસી ઓફિસમાં લાવીને એનાઉન્સ કરાવ્યું. પરંતુ કોઈ લેવા ન આવતાં બેગની તપાસ કરવામાં આવી, જેમાં આધાર કાર્ડ, પાન કાર્ડ, જરૂરી કાગળો અને બે પર્સ મળ્યા જેમાં સોનાના ઘરેણા બંગડીઓ, મંગળસૂત્ર, સોનાની ચેન, કાનની બુટી, રોકડ



રૂપિયા મળ્યા, જેને તરત જ નજીકમાં ઉપ સ્ટેશન પ્રબંધક કચેરીમાં કાર્યરત ટ્રેન ક્લાર્ક બસંત કુમાર ડોડિયારને બોલાવીને બતાવવામાં આવ્યુ. બધી જ વસ્તુઓ સુરક્ષિત મુકી દેવામાં આવી અને આધાર કાર્ડના આધારે યાત્રીની ઓળખ ટ્રેન ક્લાર્ક બસંત કુમાર ડોડિયારએ કરી અને તરત જ યાત્રીને જાણ કરવામાં આવી. જે રેલવેના નિવૃત્ત કર્મચારીની પુત્રીના લગ્ન સમારંભથી પરત પોતાની સાસરીમાં કલોલ જઈ રહી હતી, યાત્રીએ ઉમરદાશી સ્ટેશન પર ઉતરીને પોતાના સંબંધીઓની સાથે પાછા પાલનપુર સ્ટેશન પર બેગ લેવા આવ્યા. સિનિયર ટિકિટ પરીક્ષક છોટૂ સિંહ રાવતએ બેગ માંના સામાનની જાણકારી માંગી, ઘરેણા સિવાય તમામ સામાન બરાબર રીતે બતાવ્યા, પરંતુ યાત્રીને પોતાને પણ જાણ નહોતી કે એમાં સોનાના ઘરેણાં છે, છતાં સિનિયર ટિકિટ પરીક્ષક છોટૂ સિંહ એ પ્રમાણિકતા બતાવતાં બધા ઘરેણાં યાત્રીને આરપીએફની હાજરીમાં જરૂરી કાર્યવાહી પૂરી કરતાં સુપરત કર્યા. યાત્રી અને તેમના પરિવારજનોએ સિનિયર ટિકિટ પરીક્ષણ છોટૂ સિંહ રાવતને પ્રમાણિકતા અને કામમાં સજાગતા, કર્મનિષ્ઠા માટે ખૂબ-ખૂબ અભિનંદન આપ્યા અને આભાર વ્યક્ત કર્યો.

**સૌથી લાંબી રાત્રી રાજકોટમાં ૧૩ કલાક ૧૪ મિનિટની હશે**

## ૨૨ ડિસેમ્બર શુક્રવારનો દિવસ ટૂંકો અને લાંબામાં લાંબી રાત્રીનો અનુભવ થશે

**પૃથ્વી ઝૂકેલી હોવાના કારણે દિવસ રાત લાંબા ટૂંકાની ઋતુઓ બને**

| અમદાવાદ, તા.૮ |

પૃથ્વી ૨૩.૫ અંશે ઝુકેલી હોવાના કારણે ૨૨ ડિસેમ્બરે શુક્રવારનો દિવસ ટૂંકો અને લાંબામાં લાંબી રાત્રીનો અનુભવ થશે. પૃથ્વી ઝૂકેલી હોવાના કારણે દિવસ રાતમાં લાંબા અને ટૂંકા ફેરફાર અને ઋતુઓ ઉત્પન્ન કરવામાં કારણભૂત રહે છે. સુરજ ઉત્તર દિશા તરફ આગળ વધે છે જેને ઉતરાયણ કહેવામાં આવે છે. પૃથ્વીની ધરી સીધી હોત તો દિવસ અને રાત ૧૨ કલાકની બને છે. ભારત જન વિજ્ઞાન જાથા કેવા પ્રમાણે શુક્રવારે રાજકોટમાં સૌથી લાંબી રાત્રી ૧૩ કલાક અને ૧૪ મિનિટની સૌથી લાંબી રાત્રી લોકોને અનુભવ કરશે.

એડવોકેટ જયાંત પંડ્યાએ વિવિધ શહેરોના રાત્રીના ફેરફારો વિશે જણાવ્યું કે અમદાવાદમાં રાત્રી ૧૩ કલાક ૧૭ મિનિટ ૧૧ સેકન્ડ, રાજકોટ રાત્રી ૧૩ કલાક ૧૪ મિનિટ ૧૧ સેકન્ડ, જૂનાગઢમાં રાત્રી ૧૩ કલાક ૧૧ મિનિટ ૫ સેકન્ડ, દ્વારકામાં રાત્રી ૧૩ કલાક ૧૩ મિનિટ ૩૯ સેકન્ડ, મુંબઈમાં રાત્રી ૧૩ કલાક એક મિનિટ ૨૭ સેકન્ડ, ઉજ્જૈનમાં રાત્રી ૧૩ કલાક ૩૬ મિનિટ ૭ સેકન્ડ, કાશ્મીરમાં રાત્રિ ૧૩ કલાક ૪૩ મિનિટ ૫૬ સેકન્ડ, કન્યાકુમારીમાં રાત્રી ૧૨ કલાક ૨૧ મિનિટ ૯ સેકન્ડ લાંબી રાત્રી નો લોકોનો અનુભવ થશે.

૨૩મી શનિવારથી રાત્રી ક્રમશઃ ટોકી અને દિવસ લાંબો થશે. પૃથ્વીનો ઝુકાવ સૂર્યને પરિભ્રમણ ગતિ, સૂર્ય હોય છે તો દક્ષિણ ગોળાર્ધમાં તે પૃથ્વી તરફ ગતિ કરે છે. જેથી નાના મોટા શહેરોમાં સામાન્ય મિનિટોનો તફાવત જોવા મળે છે.

પૃથ્વી ની ૨૩.૫ ઝૂકેલી ધરીને કારણે પૃથ્વી પર ઋતુઓ ઉત્પન્ન થાય છે અને ધ્રુવ પ્રદેશો પર છ છ મહિના દિવસ અને રાત જોવા મળે છે. પૃથ્વીના ગોળા ઉપર ઊંચે અક્ષાંશએ બારમાસ ઠંડી રહે છે તો બારેય માસ બરફ છવાયેલો રહે છે. સુરજ તેના આકાશના વિતરણમાં ઉત્તર ગોળાર્ધમાં ૨૩.૫ અક્ષાંશ સુધી જાય છે અને પછી ત્યાંથી પાછો ફરે છે. ૨૩.૫ અંશ ઉત્તર અક્ષાંશને ઓળખતો નથી. પૃથ્વી પર ૨૩.૫ ઉત્તર અક્ષાંશને કર્કવૃત કહે છે. મકરવૃત્ત પૃથ્વી પરના ૨૩.૫ દક્ષિણ અક્ષાંશને કહે છે.

**હેકરે મહેસાણાના વેપારીના રુપિયા ઉપાડી લીધા**

## OTP આપ્યો નથી છતાં રૂપિયા ૫.૭૫ લાખ તેના ખાતામાંથી હેકર એ સેરવી લીધા

**જીગર પટેલના કરંટ અને જોઇન્ટ એકાઉન્ટ માંથી હેકર એ એવી રીતે પૈસા સેરવ્યા કે તે પોતે તો ઠીક પોલીસ પણ ચોંકી ઉઠી છે**

| મહેસાણા, તા.૮ |

કોઈ પણ વ્યક્તિ ને તમારો OTP શેર કરશો નહિ. આવી સૂચના તમે વારંવાર જોઈ કે સાંભળી હશે. હવે OTP શેર ના કરો તો ઠગાઈ થી તમે બચી જશો. જો તમે એવું માનતા હોય તો ચેતી જજો. કારણ કે, મહેસાણામાં એક વ્યક્તિ એ OTP આપ્યો નથી છતાં રૂપિયા ૫.૭૫ લાખ તેના ખાતામાંથી હેકર એ સેરવી લીધા. અને ઉપરથી ફોન કરીને જણાવ્યું કે તમારા ખાતામાંથી પૈસા ઉપાડી લીધા છે.

પોલીસ, બેંક, સરકાર આ બધા જ એમ કહે છે કે કોઈને OTP શેર ના કરશો જો તમારે ઠગાઈ થી બચવું હોય તો. પણ ઠગ કંપની તો આ બધાથીએ આગળ નીકળી હોય એમ OTP કોઈએ ના આપ્યો તો પણ લાખો રૂપિયા બેંક ખાતામાંથી ઉપાડી લીધા. આ સમગ્ર કિસ્સો બન્યો છે મહેસાણા શહેરમાં. મહેસાણામાં જમીન દલાલી નો વ્યવસાય કરતા જીગર પટેલ સાથે સૌને ચોંકાવી દે તેવી ઠગાઈ થઈ ગઈ છે. જીગર પટેલના કરંટ અને જોઈન્ટ એકાઉન્ટ માંથી હેકર એ એવી રીતે પૈસા સેરવ્યા કે તે પોતે તો ઠીક



પોલીસ પણ ચોંકી ઉઠી છે. જીગર પટેલ પર નોર્મલ કોલ આવ્યો હતો અને એ રિસીવ કરતા ઓડિયો કોલ માંથી હેકર એ વિડિયો કોલ શરૂ કરી દઈ બંધન બેંકમાંથી બોલું છું આપનો ફોટો લેવાનો છે કહ્યું હતું. બેંક એપ્લિકેશન અપડેટ કરવા વિડિયો કોલ કરી જીગર પટેલ સાથે વાતચીત કરી હતી. ગત ૨૮ નવેમ્બરે એક અજાણ્યા નંબર પરથી જીગર પટેલ ને વિડીયો કોલ આવ્યો હતો ત્યારે આ વાતચીત થઈ હતી. તો બીજા દિવસે ફરી અલગ જ અજાણ્યા નંબર પરથી OTP મેળવવા માટે આવ્યો હતો કોલ. OTP મેળવવા માટે કુરિયર આવ્યું છે, તેમ કહી OTP માંગ્યો પણ જીગર પટેલને શંકા જતા કોઈ કુરિયર મંગાવેલ નથી કહી ને OTP આપ્યો જ નહોતો.

**વલસાડમાંથી વધુ એક ચોરીની ઘટના સામે આવી**

## પરિવાર લગ્નમાં ગયો ત્યારે જ ધોળે દિવસે તસ્કરો ત્રાટક્યા

**ઘરમાંથી દોઢ લાખથી વધુના દાગીનાની ઉઠાંતરી કરી હતી : હાલ પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે**

| વલસાડ, તા.૮ |

ગુજરાતમાં ચોરી ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે દક્ષિણ ગુજરાત વલસાડમાંથી વધુ એક ચોરીની ઘટના સામે આવી છે, અહીં એક પરિવાર બહાર ગયો હોવાની જાણ ચોરને થતાં, તેમના ઘરમાંથી દોઢ લાખથી વધુના દાગીનાની ઉઠાંતરી કરી હતી. હાલ પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે. મળતી માહિતી પ્રમાણે, વલસાડમાં એક પરિવાર બહાર ગયો હોવાનો પુરેપુરો ફાયદો ચોર ટોળકી ઉઠાવ્યો છે. અહીં શહેરના ભાગડાવાડા વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટ રહેતા માતા અને દીકરી બહાર લગ્નમાં ગયા હતા, આ તકનો લાભ ચોર ટોળકીએ ઉઠાવ્યો છે. ધોળે દિવસે ચોરે ફ્લેટનો તાળુ તોડીને ઘરમાંથી અંદાજિત દોઢ લાખથી વધુની મતાની ચોરી કરી છે. જ્યારે માતા -દીકરી લગ્નમાંથી ઘરે પરત ફર્યા તો તેમને ઘરમાં સામન વેરવિખેર થયેલો જોયો હતો. ચોર ટોળકીએ ઘરમાંથી કબાટની તિજોરીમાં મુકેલું સોનાનું મંગળસૂત્ર, સોનાની ચેઈન, વીંટી, બંગડી, સોનાનું પેન્ડલ, કાનની બુટ્ટી, ચાંદીના ઘરેણાં એમ કુલ મળીને ૧૫ તોલા સોના અને ચાંદીના ઘરેણાં સાથે ૨ મોબાઈલ ફોનની ચોરી કરી હતી. આમાં કુલ ૧.૫૨ લાખની મત્તા તસ્કરો ઘરમાંથી તડફાવી ગયા હતા.

**ભારતનું પ્રથમ બૂલેટ ટ્રેન સ્ટેશન તૈયાર**

## અમદાવાદના સાબરમતીમાં દેશનું પ્રથમ બૂલેટ ટ્રેન સ્ટેશન તૈયાર

| નવી દિલ્હી, તા.૮ |

અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનારી દેશની પ્રથમ બુલેટ ટ્રેનના પ્રોજેકટનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે ત્યારે ભારતનું પ્રથમ બુલેટ ટ્રેન સ્ટેશન બનીને તૈયાર થઈ ગયું છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે બુલેટ ટ્રેન ટર્મિનલનો એક વીડિયો પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કર્યો હતો.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા શેર કરવામાં આવેલા આ વીડિયોમાં ભારતનું પ્રથમ બુલેટ ટ્રેન સ્ટેશન અમદાવાદના સાબરમતીમાં બનીને તૈયાર છે અને સ્ટેશનના નિર્માણ દરમિયાન આધુનિક આર્કિટેક્ચર સાથે સાંસ્કૃતિક વારસાનું પણ અનોખુ મિશ્રણ જોવા મળી રહ્યું છે. આ ઉપરાંત મુસાફરોને બુલેટ ટ્રેન સ્ટેશનમાં સ્ટેટ-ઓફ-આર્ટ આધુનિક સુવિધાઓ પણ મળશે. આ ગુજરાતીઓ અને અમદાવાદીઓ માટે વધુ એક મોટી સિદ્ધિ સમાન છે. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ૫૦૮ કિલોમીટર લાંબો ટ્રેકનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે અને આ ટ્રેન ટનલ અને દરિયાની નીચેથી પસાર થશે. આ પ્રોજેક્ટ પાછળ કુલ ૧.૦૮ લાખ કરોડ રુપિયાનો ખર્ચ થવાની શક્યતા છે. આ ખર્ચના ૮૧ ટકા જાપાન સોફ્ટ લોન દ્વારા ૦.૧ ટકા પ્રતિ વર્ષના દરથી મળશે અને તેમાં ૧૫ વર્ષનો ગ્રેસ પિરિયડ સહિત ૫૦ વર્ષના પુનઃચુકવણી સમયગાળાનો નક્કી કરાયા હોવાની માહિતી મળી છે.

ઉલ્લેખનીય છે કે આ બુલેટ ટ્રેન પ્રોજક્ટને વર્ષ ૨૦૧૭માં વડાપ્રધાન મોદી અને જાપાનના પૂર્વ પીએમ શિન્ઝો આબે દ્વારા શરુ કરવામાં આવ્યો હતો. આ બુલેટ ટ્રેન સ્ટેશન મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબમાં બન્યું છે.

**માર્કેટમાં શાકભાજીની આવક વધતા ભાવ તળિયે બેસી ગયા**

## શાકભાજીના ભાવ તળિયે બેસી જતા ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો

| રાજકોટ, તા.૮ |

રાજકોટના ધોરાજી પંથકમાં ખેડૂતોને પડતા પર પાટા જેવો ઘાટ સર્જાયો છે. પહેલા માવઠાનો માર અને હવે શાકભાજીના ભાવ તળિયે બેસી જતા ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. માવઠા બાદ માર્કેટમાં શાકભાજીની આવક વધતા ભાવ તળિયે બેસી ગયા છે.જેને કારણે ખેડૂતોને જીવન નિર્વાહ પૂરતા રૂપિયા પણ મળી રહ્યાં નથી.ખેડૂતોએ કરેલો ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બન્યો છે. ખેડૂતો માર્કેટમાં શાકભાજી વેચવા આવે ત્યારે ભાવ ન મળતા ઘાટ કરતા ઘડામણ મોંઘા જેવી સ્થિતિ થઈ છે.હાલ ધોરાજી માર્કેટમાં વિવિધ શાકભાજીની પુષ્કર પ્રમાણમાં આવક નોંધાઈ રહી છે. જેને કારણે મફતના ભાવે શાકભાજી વેચાઈ રહી છે.શિયાળાની સિઝનમાં શાકભાજીનું વધુ ઉત્પાદન થવાને કારણે ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.જેથી ખેડૂતોએ કરેલો ખર્ચ પણ માથે પડી રહ્યો છે. આગામી સમયમાં શાકભાજીના હજી પણ ભાવ ઘટે તેવી શક્યતા છે. શાકભાજીના ભાવની વાત કરીએ તો રીંગણા, ગુવાર, તુરીયા, કોથમરી, મેથી, ટમેટા, કોબીજ, મરચા, લીંબુ, વટાણા સહિતના શાકભાજીના ભાવમાં ૫૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. રીંગણા અને ટામેટા પહેલા ૫૦થી ૬૦ રૂપિયે કિલો વેચાતા હતા.જે અત્યારે ૧૫થી ૨૦ રૂપિયાના ભાવે મળી રહ્યાં છે. તો વટાણા પહેલા ૫૦થી ૬૦માં વેચાતા હતા તે હવે ઘટીને ૨૦થી ૩૦ રૂપિયા થઈ ગયા છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
CNN Channel Nine Network GUJARAT
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨